dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 277 | AD - 2026, Jeth Vad -14 | Monday, Dt. 13-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## મોટાભાગના રાજ્યોમાં ચોમાસું હવે વધુ આક્રમક બનવાની તૈયારીમાં

# ૧૭ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની હવામાન વિભાગની ચેતવણી

નવી દિલ્હી,તા.૧૨

દેશભરમાં સક્રિય ચોમાસા વચ્ચે ભારતીય હવામાન વિભાગ (IMD)એ ૧૩ જુલાઈ માટે ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી સહિત ૧૭ રાજ્યોમાં ભારે વરસાદ, વીજળીના કડાકા અને વાવાઝોડાની ચેતવણી જાહેર કરી છે. વિભાગના જણાવ્યા અનુસાર કેટલાક વિસ્તારોમાં ૮૦થી ૮૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે, જેના કારણે વૃક્ષો ઉખડવા, વીજ પુરવઠો ખોરવાવા અને જનજીવન પર અસર થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને આસામ સહિતના રાજ્યો માટે એલર્ટ જાહેર કર્યું છે. કેટલાક વિસ્તારોમાં કરા પડવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે, જેના કારણે ખેતી પાકને નુકસાન થઈ શકે છે.

હાલ ઉત્તર-પૂર્વ બિહાર અને આસપાસના વિસ્તારોમાં ઉપરી હવાના ચક્રવાતી પરિભ્રમણની સ્થિતિ સર્જાઈ છે. ઉપરાંત ઉત્તર-પૂર્વ આસામમાં પણ સમાન સિસ્ટમ સક્રિય હોવાથી વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગે ખેડૂતો, માછીમારો અને પ્રવાસીઓને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી છે.



ઉત્તર પ્રદેશમાં મહારાજગંજ, મેરઠ, ગૌતમ બુધ્ધનગર, ગાઝિયાબાદ, મથુરા, આગ્રા, ગોરખપુર, વારાણસી અને પ્રયાગરાજ સહિતના જિલ્લાઓમાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. બિહારમાં પટણા, ગયા, નવાદા, સમસ્તીપુર, દરભંગા, પૂર્ણિયા, કટિહાર અને કિશનગંજ સહિતના વિસ્તારોમાં ૧૩થી ૧૫ જુલાઈ દરમિયાન ભારે વરસાદ પડી શકે છે.

ઝારખંડના રાંચી, જમશેદપુર અને ધનબાદ સહિતના વિસ્તારોમાં ૭૦થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ઉત્તરાખંડના હરિદ્વાર, ઋષિકેશ, નૈનીતાલ અને ચમોલી સહિતના પર્વતીય જિલ્લાઓ માટે પણ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ભૂસ્ખલન અને માર્ગ અવરોધ જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. પશ્ચિમ બંગાળ, પંજાબ અને મધ્યપ્રદેશના અનેક જિલ્લાઓમાં પણ ભારે વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે લોકોને અનાવશ્યક મુસાફરી ટાળવા, ખુલ્લા મેદાનો અને વૃક્ષોની નજીક ન રહેવા તેમજ સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ શકે છે.

મધ્યપ્રદેશ ૧૩ જુલાઈએ ભારે વરસાદ અને તોફાનની ચેતવણી શહડોલ, શિવની, ભોપાલ, રાજગઢ, શ્યોપુર, નીમુચ, અગર માલવા, વિદિશા, બાલાઘાટ, સિઓની, ખંડવા, હોશંગાબાદ, ખરગોન, શિવપુરી અને છતરપુર માટે પીળા વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

# પંજાબ પ્રવાસ પહેલા પીએમ મોદી વિરૂધ્ધ રેલ્વે સ્ટેશન પર વિવાદાસ્પદ લખાણ

ફિરોઝપુર,તા.૧૨

પંજાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રસ્તાવિત પ્રવાસ પહેલા ફિરોઝપુર કેન્ટ રેલવે સ્ટેશનનો એક વીડિયો સામે આવતા ચકચાર મચી છે. આ વીડિયો અલગતાવાદી સંગઠન દ્વારા જાહેર કરવામાં આવ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. વીડિયોમાં દિલ્હી તરફ જતી એક ટ્રેનના ડબ્બા પર વિવાદાસ્પદ અને ઉશ્કેરણીજનક લખાણ લખાયેલા દેખાતા હોવાનું સામે આવ્યું છે. જોકે આ વીડિયોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. વીડિયો જાહેર થયા



બાદ સંગઠન સાથે સંકળાયેલા ગુરપતવંત સિંહ પન્નુએ નિવેદન આપતા જસવંત સિંહ ખાલડાના મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે પંજાબના ખેડૂતોની સ્થિતિ અને વિવિધ મુદ્દાઓને લઈને પોતાના આક્ષેપો પણ રજૂ કર્યા હતા. બીજી તરફ આ સમગ્ર મામલે સુરક્ષા અને ગુપ્તચર એજન્સીઓએ તપાસનો દોર શરૂ કર્યો છે. ઘટના સામે આવ્યા બાદ રેલવે સ્ટેશન પરિસરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે. ટ્રેનના ડબ્બા પર રાત્રિના સમયે લખાણ કરનાર વ્યક્તિઓની ઓળખ મેળવવા માટે પોલીસ અને સુરક્ષા તંત્ર સક્રિય બન્યું છે. સમગ્ર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી છે અને હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પંજાબ પ્રવાસ આગામી દિવસોમાં યોજાનાર છે. તેઓ લુધિયાણા અને જલંધરની મુલાકાત લેવાના છે. પ્રવાસ દરમિયાન જલંધર કેન્ટ રેલવે સ્ટેશનની નવી ઈમારતનું લોકાર્પણ પણ કરવામાં આવશે. વડાપ્રધાનના પ્રવાસને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે તે માટે સતત નજર રાખી રહી છે. સમગ્ર ઘટનાએ પંજાબમાં રાજકીય અને સુરક્ષા વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

# ઉત્તરાખંડમાં સતત વરસાદને કારણે ભૂસ્ખલન થતા વાહનો દબાયા

દહેરાદૂન,તા.૧૨

દેશના પહાડી રાજ્યોમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું છે. જમ્મુ-કાશ્મીરના પહેલગામ વિસ્તારમાં વાદળ ફાટવાની ઘટનાના પગલે અચાનક પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પૂરના પાણી ખેતરોમાં ઘૂસી જતા ખેડૂતોને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. અનેક ખેતીવાડી જમીનો બરબાદ થઈ ગઈ છે, જ્યારે કેટલાક માર્ગો પણ પાણીના પ્રવાહમાં ધોવાઈ ગયા હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને



બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉત્તરાખંડના વિકાસનગર વિસ્તારમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે એક જળવિદ્યુત યોજનાના વિસ્તારમાં ભૂસ્ખલન થયું છે. પહાડ પરથી મોટા પ્રમાણમાં કાટમાળ નીચે ધસી આવતાં વાહનો અને કામ માટે ઉપયોગમાં લેવાતી મશીનો તેની નીચે દબાઈ ગઈ હતી. ઘટનાના પગલે વિસ્તારમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. બીજી તરફ દેશના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસાની ગતિ ધીમી પડી છે. રાજસ્થાન, દિલ્હી વિસ્તાર, પશ્ચિમ મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં આગામી દિવસોમાં નોંધપાત્ર વરસાદની શક્યતા ઓછી હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. વરસાદી પ્રવૃત્તિઓમાં ઘટાડો થતાં ઉત્તર અને મધ્ય ભારતના અનેક વિસ્તારોમાં તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. રાજસ્થાનના શ્રીગંગાનગરમાં તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચોમાસાને સક્રિય રાખતી હવામાન પ્રણાલીઓ નબળી પડતાં વરસાદમાં ઘટાડો થયો છે. બંગાળની ખાડીમાં નવી મજબૂત દબાણ પ્રણાલી સર્જાઈ નથી તેમજ ચોમાસાની પટ્ટી પણ પોતાની સામાન્ય સ્થિતિથી ઉત્તર તરફ ખસી ગઈ છે. તેના કારણે મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ભારતના અનેક વિસ્તારોમાં વરસાદી વાદળોની સંખ્યા ઘટી ગઈ છે.

## બાંધકામ સાઇટ પર સર્જાયેલી દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી

# શિલોંગમાં કૂવામાં ઝેરી ધુમાડાથી પાંચ શ્રમિકોના કરૂણ મોત

શિલોંગ,તા.૧૨

મેઘાલયની રાજધાની શિલોંગના લાપાલાંગ વિસ્તારમાં આવેલી એક ખાનગી બાંધકામ સાઈટ પર કૂવામાં ઝેરી ધુમાડો ભરાઈ જતા પાંચ લોકોના કરુણ મોત નિપજ્યા હતા. આ દુર્ઘટના શુક્રવારે બની હતી, જ્યારે શનિવારે લાંબી રાહત અને બચાવ કામગીરી બાદ તમામ મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાને




લઈને સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે.મળતી માહિતી મુજબ કૂવામાં ભરાયેલું પાણી બહાર કાઢવા માટે ચાર મજૂરો અંદર ઉતર્યા હતા. પાણી બહાર ખેંચવા માટે જનરેટરની મદદથી પંપ ચલાવવામાં આવી રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જનરેટરમાંથી નીકળેલા ઝેરી ધુમાડા અને કૂવામાં ઓક્સિજનની અછત સર્જાતા મજૂરોને ગૂંગળામણ થવા લાગી હતી. થોડી જ વારમાં તેઓ બેભાન થઈ ગયા હતા. મજૂરોને મુશ્કેલીમાં જોઈ નજીકમાં રહેતા બે સગા ભાઈઓ તેમને બચાવવા માટે કૂવામાં ઉતર્યા હતા. જોકે અંદર રહેલો ઝેરી ગેસ એટલો ઘાતક હતો કે તેઓ પણ ફસાઈ ગયા હતા. બચાવ કામગીરી દરમિયાન એક વ્યક્તિ સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યો હતો, જ્યારે પાંચ લોકોના મોત થયા હતા. ઘટના બાદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા બાંધકામ સાઈટ પર સલામતીના નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં અને આ દુર્ઘટના પાછળ કોઈ બેદરકારી જવાબદાર છે કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે.

# ગુજરાત,રાજસ્થાન સહિત ૭ રાજ્યોમાં ચોમાસું નબળું પડતા ચિંતાનો માહોલ

નવી દિલ્હી,તા.૧૨

દેશના અનેક વિસ્તારોમાં આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદની ગતિવિધિ ઓછી રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની નવી સેટેલાઈટ તસવીરો અને વિન્ડી.કોમના આંકડા મુજબ દેશના લગભગ ૭૦ ટકા વિસ્તારમાંથી વાદળો દૂર થઈ ગયા છે. પૂર્વ મધ્યપ્રદેશ, પૂર્વ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન,



ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત કુલ સાત રાજ્યોમાં વરસાદનું પ્રમાણ ઘટી શકે છે. બીજી તરફ ઉત્તરાખંડ, બિહાર, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા જેવા પૂર્વ અને પૂર્વોત્તર રાજ્યોમાં ચોમાસું હજુ સક્રિય જોવા મળી રહ્યું છે. આ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાવા અને નદીઓમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. ઉત્તર પ્રદેશના હાપુડમાં અંડરપાસમાં પાણી ભરાઈ ગયા હતા જ્યારે બિજનૌરમાં ગંગા અને માલન નદી ઉફાન પર છે. છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૫ લોકોના મોત નોંધાયા છે.





# નવા મતદારોની નોંધણીના નિયમોમાં ચૂંટણી પંચે મહત્વનો ફેરફાર કર્યો

દિલ્હી,તા.૧૨

દેશના ઘણા રાજ્યોમાં વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ (SIR) પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ચૂંટણી પંચે નવા મતદારોની નોંધણી માટેના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. હવે વોટર લિસ્ટમાં નામ ઉમેરાવવા માટે ફોર્મ-૬ ભરતી વખતે અરજદારે જણાવવું પડશે કે તેમના માતા-પિતા અથવા દાદા-દાદીનું નામ અગાઉની મતદાર યાદીમાં નોંધાયેલું હતું કે નહીં. મીડિયા અહેવાલો મુજબ આ નવી જોગવાઈ હાલ માત્ર ઓનલાઈન ફોર્મ સબમિશનમાં ઉપલબ્ધ



કરાવવામાં આવી છે. જોકે ચૂંટણી પંચની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવામાં આવતી ફોર્મ-૬ની હાર્ડ કોપીમાં હજુ સુધી આ વિકલ્પ ઉમેરવામાં આવ્યો નથી. આ બદલાવથી મતદાર નોંધણી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને ચકાસણી સુનિશ્ચિત થવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૩-૦૭-૨૦૨૬

# રાજય સરકારના નિર્ણયને જાફરાબાદના માછીમારોએ વધાવ્યો

**ડીઝલ રાહતમાં ૨૦ મીટરની મર્યાદા દૂર થતાં હજારો સાગરખેડૂતોને મળશે સીધો લાભ**

જાફરાબાદ, તા. ૧૨

ગુજરાતના દરિયાકાંઠા સાથે સંકળાયેલા માછીમાર સમાજ માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. માછીમારોની યાંત્રિક બોટોમાં વપરાતા ડીઝલ પર મળતી રાહત યોજનામાં વર્ષોથી અમલમાં રહેલી ૨૦ મીટરની લંબાઈની મર્યાદા હવે સંપૂર્ણપણે દૂર કરવામાં આવી છે. આ નિર્ણયના પરિણામે રાજ્યભરના હજારો માછીમારોને મોટી રાહત મળવાની છે અને તેમના રોજિંદા ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.અગાઉ ડીઝલ પર મળતી રાહતનો લાભ માત્ર ૨૦ મીટર સુધીની લંબાઈ ધરાવતી બોટોને જ મળતો હતો. જેના કારણે ઊંડા દરિયામાં માછીમારી કરવા જતી મોટી બોટોના માલિકો અને કામદારો આ લાભથી વંચિત રહેતા હતા. રાજ્ય સરકારના નવા નિર્ણય બાદ હવે મોટી બોટો પણ આ યોજનાનો લાભ મેળવી શકશે. સરકાર દ્વારા પ્રતિ લિટર મહત્તમ ૧૫ રૂપિયા સુધીની રાહત આપવામાં આવશે, જેના કારણે માછીમારોના ઈંધણ ખર્ચમાં


તસવીર : બાબુ વાઢેળ

ઘટાડો થશે અને માછીમારીનો વ્યવસાય વધુ સક્ષમ બનશે. માછીમારી ઉદ્યોગ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોની આર્થિક વ્યવસ્થાનો મહત્વનો આધારસ્તંભ છે. હજારો પરિવારોનો જીવનનિર્વાહ સીધો આ વ્યવસાય સાથે જોડાયેલો છે. ડીઝલના સતત વધતા ખર્ચને કારણે માછીમારોને છેલ્લા ઘણા સમયથી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે સરકારના આ નિર્ણયથી નાના, મધ્યમ તેમજ મોટા તમામ પ્રકારના માછીમારોને સમાન રીતે લાભ મળવાનો માર્ગ ખુલ્યો છે.

આ યોજના હેઠળ લાભ મેળવવા માટે બોટની નોંધણી કરાવવી તેમજ માન્ય માછીમારી પરવાનો ધરાવવો જરૂરી રહેશે. રાજ્યની ૧૮ હજારથી વધુ યાંત્રિક બોટોને આ નિર્ણયનો સીધો લાભ મળશે તેવી માહિતી સામે આવી છે. આ પગલાથી માછીમારોની આવકમાં વધારો થવાની સાથે તેમની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.રાજ્ય સરકારના આ નિર્ણયને માછીમાર સમાજે આવકાર્યો છે. જાફરાબાદ ખારવા સમાજ બોટ એસોસિયેશનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી સહિતના આગેવાનોએ આ નિર્ણયને સાગરખેડૂતોના હિતમાં લેવાયેલો મહત્વપૂર્ણ નિર્ણય ગણાવી રાજ્ય સરકાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે આ નિર્ણયથી માછીમાર સમાજને લાંબા ગાળે લાભ મળશે અને દરિયાઈ અર્થતંત્રને પણ નવી ગતિ મળશે.

# લાઠી સબ-ડિવિઝનમાં હિસ્ટ્રીશીટરો અને આરોપીઓની હાજરી પરેડ યોજાઈ

લાઠી,તા.૧૨

લાઠી સબ-ડિવિઝન પોલીસે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત રહે તેમજ આગામી તહેવારો દરમિયાન શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે હેતુથી હિસ્ટ્રીશીટરો અને પ્રોહિબિશનના આરોપીઓની હાજરી પરેડ યોજી હતી. DySPના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ પરેડમાં લાઠી સબ-ડિવિઝન હેઠળ આવતા



દામનગર, લાઠી અને બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારના હિસ્ટ્રીશીટરો, MCR આરોપીઓ, પ્રોપર્ટી ઓફેન્સમાં સંડોવાયેલા વ્યક્તિઓ તેમજ પ્રોહિબિશનના આરોપીઓને હાજર રાખવામાં આવ્યા હતા.

આગામી ભગવાન જગન્નાથ રથયાત્રા અને ૧૫ ઓગસ્ટ જેવા મહત્વના પર્વોને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા ખાસ તકેદારીના ભાગરૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું. હાજર રહેલા આરોપીઓને ગુનાખોરીથી દૂર રહેવા, કાયદાનું પાલન કરવા અને કોઈપણ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિમાં સંડોવાયા વગર જવાબદાર નાગરિક તરીકે જીવન જીવવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. પોલીસે તમામ પાસેથી શાંતિ જાળવવાની અને ગુનામુક્ત જીવન જીવવાની બાંહેધરી પણ લીધી હતી.

# રાજુલા એસટી ડેપોના કર્મચારી ભરતભાઈ વરુનો તુલસીશ્યામ ખાતે ભવ્ય નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો

રાજુલા,તા.૧૨

રાજુલા એસટી ડેપોના નિષ્ઠાવાન કર્મચારી ભરતભાઈ વરુનો નિવૃત્તિ સન્માન સમારંભ તુલસીશ્યામ ખાતે એસટી પરિવાર, યુનિયનના આગેવાનો અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ૧૬ સપ્ટેમ્બર, ૧૯૯૬થી કારકિર્દી શરૂ કરનાર ભરતભાઈએ રાજુલા ડેપોમાં ૨૬ વર્ષ અને ૭ મહિના સુધી પ્રશંસનીય સેવા આપી હતી. તેમના પિતા તરફથી મળેલી સેવા અને



તસવીર : ગોપાલ રાઠોડ

સંઘર્ષની પરંપરાને તેમણે મજૂર મહાજન સાથે જોડાઈને આગળ ધપાવી હતી.આ યાદગાર પ્રસંગે અધિકારીઓ અને સહકર્મચારીઓ દ્વારા ભરતભાઈનું સાફો, શાલ અને સન્માનચિહ્ન આપી ભાવભેર સન્માન કરાયું હતું, તેમજ ટીવી, એસી, સોના-ચાંદીના દાગીના જેવી કિંમતી ભેટો અર્પણ કરવામાં આવી હતી. અંતમાં, ભાવુક વિદાય લેતા ભરતભાઈએ એસટી નિગમ પ્રત્યે પોતાનો ઊંડો નાતો વ્યક્ત કર્યો હતો અને નિવૃત્તિ પછી પણ નિગમની સેવા માટે અડધી રાત્રે તત્પર રહેવાની ખાતરી આપી હતી.

**ખોડલધામના આગેવાનો, કાર્યકરો અને મહિલાઓ દ્વારા રક્તદાન કરાયુ**

# નરેશભાઈ પટેલના જન્મદિવસે બગસરામાં રક્તદાન કેમ્પ યોજાયો

**પટેલ વાડી ખાતે યોજાયેલા કેમ્પમાં ૪૪ યુનિટ રક્ત એકત્ર, સમાજના આગેવાનો અને યુવાનોનો ઉત્સાહભેર ભાગ લીધો**

બગસરા,તા.૧૨

બગસરા ખાતે ખોડલધામના ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના ગોકુલ પરા




વિસ્તારમાં આવેલ પટેલ વાડી ખાતે યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમાજસેવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કેમ્પમાં યુવાઓ, વડીલો તેમજ મહિલાઓએ પણ રક્તદાન માટે ઉમટી પડ્યા હતા. કેમ્પ દરમિયાન કુલ ૪૪ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. રક્તદાન કરનાર દાતાઓને આયોજકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં પટેલ સમાજના આગેવાનો, કાર્યકરો અને ખોડલધામ સાથે જોડાયેલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રક્તદાન જેવા માનવતાભર્યા કાર્યથી જરૂરિયાતમંદ દર્દીઓને જીવનદાન મળી શકે છે તેવો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે આયોજકોએ તમામ રક્તદાતાઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખાંભામાં ગેરકાયદેસર પિસ્તોલ સાથે મધ્યપ્રદેશનો શખ્સ ઝડપાયો

ખાંભા,તા.૧૨

ખાંભા પોલીસે ગેરકાયદેસર હથિયાર રાખવાના ગુનામાં મધ્યપ્રદેશના એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે ખાનગી વોચ ગોઠવી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં મધ્યપ્રદેશના સતના જિલ્લાના ઉચેહરા તાલુકાના મહમદ ઉર્ફાન શેખ શમશુદિન મનસુરીને



ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી દેશી બનાવટની મેગઝીન પિસ્તોલ અને બે જીવતા કારતૂસ મળી આવ્યા હતા. અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી અટકાવવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ અધિક્ષક સંજય ખરાત અને મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ ખાંભા પીઆઈ કરણસિંહ ચુડાસમાની ટીમે સફળ કામગીરી કરી હતી. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી પોલીસ દ્વારા આગામી તહેવારો અને રથયાત્રા સંદર્ભે ગુનેગારોનું કડક ચેકિંગ

અમરેલી,તા.૧૨

મે. IGP સાહેબ (ભાવનગર રેન્જ) તથા મે. પોલીસ અધિક્ષક સંજય ખરાત સાહેબની સૂચના અનુસાર, પોલીસ હેડક્વાર્ટર ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી. અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ સાહેબની અધ્યક્ષતામાં LCB અને SOG ટીમ તેમજ અમરેલી સિટી, અમરેલી તાલુકા અને વડિયા પોલીસ સ્ટેશન વિસ્તારના અધિકારીઓ આ કાર્યવાહીમાં જોડાયા હતા. આ અંતર્ગત સંબંધિત પોલીસ સ્ટેશનની હદમાં રહેતા



હિસ્ટ્રીશીટર (HS), મોનિટરિંગ સેલ રેકોર્ડ (MCR) ધરાવતા ઈસમો, બુટલેગરો તેમજ અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા આરોપીઓને રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા. આગામી રથયાત્રા તથા અન્ય તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી તમામની હાલની પ્રવૃત્તિઓ અંગે સઘન પૂછપરછ કરાઈ હતી. સાથે જ તમામને કોઈપણ પ્રકારની અસામાજિક કે ગુનાહિત પ્રવૃત્તિઓથી દૂર રહેવા માટે કડક સૂચના આપવામાં આવી હતી.

# સા.કુંડલાની મોદી હાઈસ્કૂલમાં ચૂંટણી પ્રક્રિયાનું આયોજન

સાવરકુંડલા,તા.૧૨

સા.કુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓમાં લોકશાહી પ્રત્યે જાગૃતિ કેળવવા શાળા સ્તરે ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકશાહી પધ્ધતિ દ્વારા દરેક વર્ગમાંથી મોનિટર અને સમગ્ર શાળામાંથી જનરલ સેક્રેટરી (જી.એસ.)ની પસંદગી કરાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક મતદાન કરી મતાધિકાર અને લોકશાહીના


તસવીર : સૌરભ દોશી

મૂળભૂત સિધ્ધાંતોનો વ્યવહારિક અનુભવ મેળવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન તેમને બાળપણથી જ લોકશાહી મૂલ્યો અપનાવી ભવિષ્યના જાગૃત નાગરિક બનવા પ્રેરણા અપાઈ હતી. આ સફળ આયોજન સામાજિક વિજ્ઞાનના શિક્ષક કુણાલભાઈ મહેતા અને વિશિષ્ટ શિક્ષક વિમલભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ થયું હતું, જ્યારે યોગેશભાઈ ચૌહાણે ફોટોગ્રાફીની જવાબદારી સંભાળી હતી. ચૂંટણી બાદ નેતૃત્વ અને બંધારણીય મૂલ્યોના આદર માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓની શપથવિધિ યોજાઈ હતી. અંતે શાળાના આચાર્ય જીતુભાઈ ભટ્ટે તમામ વિજેતાઓને મીઠાઈ ખવડાવી, શુભેચ્છાઓ પાઠવી પોતાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવવા પ્રોત્સાહિત કર્યા હતા.










## અમરેલી વિધાનસભાના ૧૧૫ ગામોના તળાવ ઉંડા કરાતા જળસંગ્રહ વધ્યો

# કુંકાવાવ તાલુકામાં નવા નીરના વધામણા કરતા મંત્રી કૌશિક વેકરીયા

અમરેલી,તા.૧૨

કુંકાવાવ-વડીયા તાલુકામાં રાજ્ય સરકારના સહયોગથી હાથ ધરાયેલા જળસંચય અભિયાનના સકારાત્મક પરિણામો પ્રથમ વરસાદમાં જ જોવા મળ્યા છે. તળાવો ઊંડા કરવાની કામગીરી પૂર્ણ થયા બાદ ચોમાસાના પ્રથમ વરસાદમાં અનેક તળાવો નવા નીરથી ભરાઈ જતા સમગ્ર વિસ્તારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાયો છે. આ અવસરે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરાપુર, જંગર, નાની કુંકાવાવ, સનાળી અને સનાળા ગામોની મુલાકાત લઈ નવા નીરના વધામણા કર્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે અમરેલી, વડીયા અને કુંકાવાવ તાલુકાના કુલ ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરવાની મહત્વાકાંક્ષી કામગીરીનો





પ્રારંભ કરાયો હતો. ઉનાળા દરમિયાન પૂર્ણ કરાયેલા આ કાર્યના કારણે વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો છે અને પ્રથમ વરસાદમાં જ તળાવો પાણીથી ભરાતા ખેડૂતોમાં નવી આશા જાગી છે. રાજ્ય સરકારના સહયોગથી વીજ ક્ષેત્રની સંસ્થાઓના અનુદાન તેમજ ગીરગંગા ટ્રસ્ટની તકનિકી મદદથી ગામે ગામ તળાવો ઊંડા કરવામાં આવ્યા હતા. આ કામગીરીથી વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ શક્ય બન્યો છે. જેના કારણે ખેતી, પશુપાલન અને ભૂગર્ભ જળસ્તરમાં વધારો થવાની શક્યતા ઉભી થઈ છે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા જળસંચયને પ્રાથમિકતા આપીને વ્યાપક અભિયાન ચલાવવામાં આવ્યું છે. તેના પરિણામે આજે કરોડો લીટર વરસાદી પાણીનો સંગ્રહ શક્ય બન્યો છે.

પાણીનો દરેક ટીપો કિંમતી છે અને તેનું સંરક્ષણ ભવિષ્ય માટે અત્યંત જરૂરી છે. નવા નીરના વધામણા પ્રસંગે વિવિધ ગામોના આગેવાનોએ જળસંચય અભિયાન બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. સનાળા ગામે ગીરગંગા પરિવારે રાજ્યમંત્રીનું સન્માન પણ કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના હોદ્દેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયાના ગુંદરણના પૂરગ્રસ્ત વિસ્તારોની ધારાસભ્ય મહેશ કસવાળાએ સમીક્ષા કરી

સાવરકુંડલા,તા.૧૨

લીલીયા તાલુકાના પૂરગ્રસ્ત ગુંદરણ ગામની ધારાસભ્ય મહેશ કસવાળાએ મુલાકાત લઈ ભારે વરસાદ અને પૂરના કારણે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે અસરગ્રસ્ત પરિવારો સાથે રૂબરૂ વાતચીત કરીને તેમની મુશ્કેલીઓ અને જરૂરિયાતોની જાણકારી મેળવી હતી. મુલાકાત દરમિયાન તેમણે



વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો સાથે ગામમાં થયેલા નુકસાનનું નિરીક્ષણ કર્યું હતું. રસ્તાઓ, રહેણાંક વિસ્તારો, ખેતી અને જાહેર સુવિધાઓને થયેલા નુકસાન અંગે માહિતી મેળવી જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. તેમણે અધિકારીઓને પૂરગ્રસ્ત પરિવારોને સરકારી સહાય ઝડપી અને પારદર્શક રીતે પહોંચાડવા જણાવ્યું હતું. સાથે પીવાનું પાણી, આરોગ્ય સેવાઓ અને વીજ પુરવઠો નિયમિત રહે તેની ખાસ તકેદારી રાખવા ભાર મૂક્યો હતો. ગ્રામજનોએ તેમની મુલાકાતને આવકારી સંતોષ વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલા ખરીદ-વેચાણ સંઘના નૂતન ગોડાઉન અને ઓફિસની દિલીપ સંઘાણીએ મુલાકાત લીધી

**દિલીપભાઈ સંઘાણીના આગમનથી સંઘના હોદ્દેદારો અને સભ્યોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો**

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા તાલુકા ખરીદ-વેચાણ સંઘના નૂતન ગોડાઉન અને ઓફિસની ઈફકો તથા એન.સી.યુ.આઈ.ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. સહકાર ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર દિલીપભાઈ સંઘાણીના આગમનથી સંઘના હોદ્દેદારો અને સભ્યોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

મુલાકાત દરમિયાન સંઘના મેનેજર રાજુભાઈ માલાણી અને સતિષભાઈ મહેતાએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.



આ પ્રસંગે સંઘની નવી ઓફિસ અને ગોડાઉનની સુવિધાઓની માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ખેડૂતોને અપાતી વિવિધ સેવાઓ તેમજ સહકારી ક્ષેત્રને વધુ સશક્ત બનાવવા માટે જરૂરી મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનો અને સભ્યોએ દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શનને સહકારી ચળવળ માટે પ્રેરણારૂપ ગણાવી સહકાર ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

# બગસરા ચેમ્બર પ્રમુખની મનમાની સામે ચેમ્બરના જ સદસ્યોમાં ભારે રોષ

**હોસ્પિટલનું આંદોલન ક્યાં કારણોસર મોકૂફ રાખવામાં આવ્યુ લોકોમાં સવાલ**

બગસરા તા.૧૩

બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દ્વારા સંસ્થાના નિર્ણયો લોકશાહી ઢબે લેવાને બદલે મનસ્વી રીતે લેવામાં આવતા હોવાના આક્ષેપો સાથે સંસ્થાના સદસ્યોએ ભારે અસંતોષ વ્યક્ત કર્યો છે. તાજેતરમાં બગસરાની સરકારી હોસ્પિટલમાં સુવિધાઓ વધારવા બાબતે ચેમ્બર દ્વારા જે મહત્વપૂર્ણ આંદોલનનું એલાન કરવામાં આવ્યું હતું, જે આંદોલનને ચેમ્બરના પ્રમુખદ્વારા કોઈ પણ પ્રકારની ચર્ચા કે કારોબારી સમિતિના સભ્યોને વિશ્વાસમાં લીધા વિના એકતરફી રીતે મોકૂફ રાખી દેવામાં આવ્યું છે. આ પ્રકારના અચાનક અને એકતરફી નિર્ણયને લીધે સંસ્થાની ગરિમા અને લોકશાહી મૂલ્યોનું હનન થયું હોવાની લાગણી સદસ્યો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. સંસ્થાના સદસ્યોની માંગ છે કે હોસ્પિટલના આંદોલનને કયા કારણોસર મોકૂફ રાખવામાં આવ્યું તેની યોગ્ય સ્પષ્ટતા તત્કાલ ધોરણે કરવામાં આવે અને ભવિષ્યમાં કોઈપણ નાના-મોટા નિર્ણયો તમામ હોદ્દેદારો તેમજ કારોબારી સદસ્યોની સંમતિથી જ લેવામાં આવે. જો આ બાબતે સંતોષકારક ખુલાસો કે પગલાં લેવામાં નહીં આવે, તો સંસ્થાના હિત ખાતર આગામી

**હોસ્પિટલનું આંદોલન ક્યાં કારણોસર મોકૂફ રાખવામાં આવ્યુ લોકોમાં સવાલ**

હાલ બગસરાની સરકારી હોસ્પિટલમાં એક લાખની વસતી સામે માત્ર એક તબીબ ફરજ બજાવી રહ્યા છે. બગસરાની હોસ્પિટલમાં ડાયાલિસિસની સુવિધામાં વધારો કરવાની બદલે ઘટાડો થઈ રહ્યો છે. એવા સમયે ચેમ્બરના પ્રમુખે આંદોલન મોકૂફ રાખી દેતા વેપારીઓમાં પણ અસંતોષ ફેલાયો છે.

રણનીતિ ઘડવાની ફરજ પડશે તેવી ચીમકી જમાલભાઈ પી. સરવૈયા, અનિલકુમાર શેખ, નિલેશકુમાર દેશાણી, જયેશભાઈ પંડ્યા, જયસુખભાઈ ઘાડિયા, રાહુલભાઈ રૂપડાં, નાગજીભાઈ ધાધલ, વિપુલભાઈ પંડ્યા, નાગજીભાઈ રાદડિયા, અને ભરતભાઈ પટેલ સહિતના સદસ્યોએ ઉચ્ચારી છે.

# સાવરકુંડલામાં ધોળા દિવસે સ્ટ્રીટ લાઈટો ચાલુ, ઉર્જાનો બેફામ બગાડ

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા શહેરમાં નગરપાલિકાની બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જૈન બોર્ડિંગ વાળા રોડથી નેસડી રોડ તરફ જતા મુખ્ય માર્ગ પર જૈન જ્ઞાતિવાડી સુધીની જાહેર સ્ટ્રીટ લાઈટો સવારના સાડા આઠ વાગ્યા સુધી ચાલુ જોવા મળી હતી. સૂર્યપ્રકાશ હોવા છતાં લાઈટો ચાલુ રહેતાં ઉર્જાનો બિનજરૂરી બગાડ



થયો હતો. સ્થાનિક નાગરિકોએ આ ઘટનાને પ્રજાના ટેક્સના પૈસાનો વેડફાટ ગણાવી તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો. નાગરિકોની માંગ છે કે નગરપાલિકા આ મામલે ગંભીરતા દાખવી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠવા પામી છે.

# લીલીયા વાણિજ્ય કોલેજમાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી

લીલીયા,તા.૧૨

લીલીયા ખાતે આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા.

કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અને સામુદાયિક સેવા ધારા દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજશાસ્ત્ર




વિભાગના વડા ડૉ. મહેશ એસ. ગઢિયાના નેતૃત્વમાં નિબંધ, વકતૃત્વ, ચિત્રસ્પર્ધા તેમજ રાજ્યકક્ષાની ઓનલાઈન ક્વિઝ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ વધતી વસ્તી, તેના પડકારો, મહિલા શિક્ષણ અને વિકસિત ભારત જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. 'Viksit Bharat 2047: Young People in Action' વિષયક ચિત્રસ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સર્જનાત્મક કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમ દરમિયાન ડૉ. સબીર પરમારે વસ્તી વિસ્ફોટ અને તેના સામાજિક-આર્થિક પ્રભાવ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# ગાવડકા પ્રા.શાળામાં વિદ્યાર્થીઓ માટે છત્રી યુનિટ શરૂ કરાયું

અમરેલી,તા.૧૨

ગાવડકાની પ્રાથમિક શાળામાં વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત પાંચથી આઠ ધોરણના બાળકો માટે એક છત્રી યુનિટ શરૂ કરાયું છે.

આ કાર્યનો હેતુ વાડીઓમાં વસતા પરપ્રાંતીય અને ગ્રામીણ શ્રમિક પરિવારના બાળકોને અભ્યાસ માટે શાળામાં આવતી જતી વખતે ચોમાસામાં વરસાદથી બચવા



છત્રી મળી રહે તે માટેનો છે. છત્રીના સ્ટેન્ડ સાથે જે તે ક્લાસ રૂમની બહાર સંખ્યાના પ્રમાણમાં છત્રીઓ રાખવામાં આવેલી છે, જ્યાંથી વરસાદ દરમિયાન બાળકો છત્રી લઈ જઈ શકે, એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, કાર્યક્રમ દરમિયાન છત્રી યુનિટ માટેનો તમામ આર્થિક સહયોગ પૂરો પાડનાર દાતા વાય એમ દેસાઈ-ડી સી એફ, વન વિભાગને યાદ કરીને અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ તકે ગામના સરપંચ બાલુભાઈ ટાંકે હાજરી આપી હતી.






**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૬૩/૨૦૨૬

શ્રી હનીફભાઈ ગફારભાઈ માંડલીયા,
રહે.પરા વિસ્તાર, રાણપુર, તા.ભેંસાણ, જી.જુનાગઢ

........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - રાણપુર
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી હનીફભાઈ ગફારભાઈ માંડલીયા દ્વારા તેઓના પિતાશ્રી ગફારભાઈ કરીમભાઈ માંડલીયાનું અવસાન તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ ગામ મોજે: રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી - રાણપુર, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૫ મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ




### કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામ માટે સલામતી સુદૃઢ બનાવવા

# રાજુલા પંથકના માર્ગો પર વિવિધ વિભાગના અધિકારીઓની ચકાસણી

રાજુલા, તા.૧૨

રાજુલા તાલુકામાં આવેલા કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામોને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર માર્ગ સલામતીને વધુ મજબૂત બનાવવા માટે જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા સંયુક્ત સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. માર્ગ પર વધતા વાહનવ્યવહાર અને અકસ્માતોની સંભાવનાને ધ્યાનમાં રાખીને અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે.સ્થળ નિરીક્ષણ દરમિયાન માર્ગ અને વાહન વ્યવહાર, પોલીસ તેમજ વહીવટી તંત્રના અધિકારીઓએ માર્ગની સ્થિતિ અને ગામોને ધોરીમાર્ગ સાથે જોડતા રસ્તાઓની સુરક્ષા અંગે વિગતવાર ચર્ચા કરી હતી. કથીવદર, વિસળીયા અને હિંડોરાણા ગામોના લોકોની લાંબા સમયથી ચાલી આવતી માંગને ધ્યાનમાં રાખીને ત્રણેય ગામો માટે સેવા માર્ગ બનાવવાની જરૂરિયાત સ્વીકારવામાં આવી હતી.



સેવા માર્ગના નિર્માણ માટે જરૂરી જમીન સંપાદનની પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.સેવા માર્ગ તૈયાર ન થાય ત્યાં સુધી અકસ્માતો અટકાવવા માટે જોડાણ માર્ગો પર ગતિ અવરોધક અને ધોરીમાર્ગ પર ચેતવણીરૂપ પટ્ટાઓ બનાવવામાં આવશે. ઉપરાંત ગામના રસ્તાઓ જ્યાં ધોરીમાર્ગ સાથે જોડાય છે તે સ્થળોથી અગાઉ માર્ગદર્શક સૂચના પાટિયાં મૂકવાની કામગીરી પણ કરવામાં આવશે, જેથી વાહનચાલકોને સમયસર માહિતી મળી રહે. વર્ષ દરમિયાન અકસ્માતોની વધુ નોંધ લેવાયેલા ત્રણ સ્થળોએ ઊંચા પ્રકાશ સ્તંભ સ્થાપિત કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. રાત્રિના સમયે વાહનચાલકોને વધુ સ્પષ્ટતા અને સુરક્ષા મળી રહે તે માટે આ પગલું મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. નિરીક્ષણ દરમિયાન ધોરીમાર્ગ પરના ગેરકાયદેસર દબાણો, અવરોધરૂપ લારીઓ અને ગલ્લાઓ દૂર કરવા તેમજ અનધિકૃત માર્ગ કાપ બંધ કરવા માટે નિયમિત કાર્યવાહી કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી હતી. અધિકારીઓએ માર્ગ સલામતી સંબંધિત જરૂરી કામગીરી ઝડપથી પૂર્ણ કરી અકસ્માતમુક્ત અને સુરક્ષિત વાહન વ્યવહાર સુનિશ્ચિત કરવા ભાર મૂક્યો હતો.

## સા.કુંડલામાં રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનની બેઠક મળી



સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલામાં રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠન (RGPRS) ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક અમરેલી જિલ્લા પ્રમુખ દાનુભાઈ ખુમાણની આગેવાની હેઠળ યોજવામાં આવી હતી. બેઠકમાં શહેર પ્રમુખ મુન્નાભાઈ મેવાડા, રાજદીપભાઈ વિછીયા, મુમતાજબેન કુરેશી, સંગીતાબેન પરમાર, પરીક્ષિતભાઈ શિયાળ, વહીદાબેન, અશ્વિનભાઈ ધામેલિયા અને હિતેશભાઈ જયાણી સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ખાંભાના કોટડા ગામની સીમમાં વાડી ખેતરની લાઈટ શરૂ કરવાનું કહી મારી નાખવાની ધમકી આપી

**તું આદિવાસી છે કહી ગાળો આપી**

ખાંભા, તા.૧૨

ખાંભામાં વાડી ખેતરની લાઈટ શરૂ કરવાનું કહી ધારીયું લઈ મારવા દોડી જાનથી મારવાની ધમકી આપી હતી. તેમજ તું આદિવાસી છે કહી ગાળો પણ હતી. બનાવ અંગે મૂળ અરવલ્લીના મેઘરજ તાલુકાના જામગઢના અને હાલ ખાંભામાં રહેતા તેમજ પીજીવીસીએલમાં નોકરી કરતા સુભાષભાઈ વસંતભાઈ ડામોર (ઉ.વ.૩૫) એ ખાંભાના કોટડા ગામના રામકુભાઈ ઘુસાભાઈ ખાડક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે તેઓ આરોપીની વાડી ખેતરના રસ્તા પાસે ૧૧ KV લાઈનનું રિપેરિંગ કામ કરવા જતા હતા. તે દરમ્યાન આરોપીએ તેને અટકાવી તેના વાડી ખેતરની લાઈટ શરૂ કરવાનું કહી ત્યાં જ ઊભો રહેજે તું આદિવાસી છો કહી જેમ ફાવે તેમ બિભત્સ ભાષામા ગાળો આપી શરીરે આડેધડ ઢીકાપાટુ વડે મુંઢ માર માર્યો હતો. તેમજ ડાબા ખંભાના ભાગે પ્લાસ્ટિકના પાઇપથી એક ઘા મારી ધારીયું લઈ મારવા દોડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી આર રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## વડીયા મામલતદાર કચેરીમાં પ્રામાણિકતા, કર્મચારીએ મોબાઈલ પરત આપ્યો



વડીયા,તા.૧૨

વડીયા મામલતદાર કચેરીમાં પ્રામાણિકતાનો સરાહનીય બનાવ સામે આવ્યો છે. મુકેશભાઈ જોટંગીયા હયાતીની ખરાઈના કામ માટે કચેરીએ આવ્યા હતા. કામગીરી પૂર્ણ કર્યા બાદ તેઓ ઉતાવળમાં પોતાનો મોબાઈલ ફોન કચેરીમાં જ ભૂલી ગયા હતા. બાદમાં આઉટસોર્સ કર્મચારી રાજેશભાઈ ચુડાસમાની નજર ફોન પર પડતા તેમણે તરત જ અરજદારનો સંપર્ક કરી કચેરીએ બોલાવ્યા હતા. ત્યારબાદ મોબાઈલ સુરક્ષિત રીતે પરત સોંપતા અરજદારે આભાર વ્યક્ત કર્યો હતો.

## ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ભજનીક નિરંજન પંડ્યાનું સન્માન

ચલાલા,તા.૧૨

ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ગુજરાતના જાણીતા ભજનિક નિરંજન પંડ્યાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ગાયત્રી સંસ્કાર ધામ પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં નિરંજન પંડ્યાનું ઢોલ-નગારા અને શરણાઈના સુમધુર નાદ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ છવાયેલું રહ્યું હતું અને મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. સન્માન સમારોહમાં ગાયત્રી સંસ્કાર ધામના વડા સંત ડૉ. રતિદાદા, ભારત સરકાર દ્વારા સન્માનિત મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા સહિત આગેવાનો અને સેવાભાવીઓ હાજર રહ્યા હતા. સંસ્થાની ધાર્મિક અને સમાજોપયોગી પ્રવૃત્તિઓની પણ પ્રશંસા કરવામાં આવી હતી.



## અમરેલીમાં નાગરિક બૅંક સામેથી ૩૮૪ બોટલ વિદેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૩૮૯ બોટલ દારૂ ઝડપાયો હતો. અમરેલીમાં નાગરિક બેંક સામેથી ૩૮૪ બોટલ અને ધારાબંદર ગામેથી ૫ બોટલ પકડાઈ હતી. અમરેલી નાગરિક બેંક સામેથી ફોર વ્હીલ લઈને એક યુવક નીકળતાં અટકાવી તલાશી લેતા ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૩૮૪ બોટલ મળી હતી. પોલીસે કાર, દારૂની બોટલ મળી કુલ રૂ. ૩,૦૪,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ધારાબંદર ગામેથી એક યુવક પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫ બોટલ મળી આવી હતી. જિલ્લામાં ૩૪ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. અમરેલી સાવરકુંડલા રોડ હીરાનગરમાંથી દેશી દારૂ બનાવવાનો ૮૦ લીટર આથો પકડાયો હતો. આ સિવાય જિલ્લામાંથી ૧૭ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## અમરેલી જિલ્લામાં રથયાત્રા નિમિત્તે જાહેરનામું અમલમાં, ૨૦ જુલાઈ સુધી પ્રતિબંધો લાગુ

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઉજવનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને ધ્યાનમાં રાખી કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ બહાર પાડવામાં આવેલ આ જાહેરનામું ૨૦જુલાઈ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જાહેરનામા મુજબ જિલ્લામાં શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ તેમજ ઇજા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી કોઈપણ વસ્તુ સાથે ફરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત ઉશ્કેરણી જનક ભાષણો કરવા, ચિત્રો, નિશાનીઓ અથવા અન્ય પ્રચાર સામગ્રી પ્રદર્શિત કરવા કે ફેલાવવા તેમજ સ્ફોટક પદાર્થો લઈ જવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે.જાહેરનામા અનુસાર કોઈપણ પ્રકારની સભા અથવા સરઘસ કાઢવા માટે સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત રહેશે. તેમજ લાઉડ સ્પીકર વગાડવા માટે તાલુકા એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટની પૂર્વ પરવાનગી જરૂરી રહેશે. તંત્રએ નાગરિકોને જાહેરનામાનું પાલન કરવા અપીલ કરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદશ
તા.૧૩-૦૭-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૬,
સૂર્યાસ્ત-૦૭:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

### દૈનિક રાશિફળ

**તા.૧૩-૦૭-૨૦૨૬ સોમવાર**

મેષ: જો તમે આજે તમારી આર્થિક સ્થિતિ જોશો તો તમારો આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભની તકો રહેશે.

વૃષભ: આજે એકંદરે દિવસ અનુકૂળ રહેશે. સાંજ સુધીમાં યોજના મુજબ તમારા કામ પૂર્ણ કરવામાં સંતોષ થશે.

મિથુન: આજનો દિવસ લાભદાયક રહેશે, પરંતુ તમે જે પણ કામ કરશો તે પૂર્ણ આયોજન સાથે કરો.

કર્ક: આજે વ્યવસાયમાં તમારી આવક સામાન્ય કરતા સારી રહેશે. તમે વડીલો અને વરિષ્ઠોનો સહયોગ મેળવી શકશો.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. ભાગીદારીમાં કરવામાં આવેલો ધંધો મોટો લાભ લાવશે. આજે રોજિંદા ઘરનાં કામો પતાવવાની સુવર્ણ તક છે.

કન્યા: આજે મેનેજમેન્ટમાં તમારો પ્રભાવ વધશે. તમે સહકર્મીઓનો સારો સહકાર મેળવી શકશો. તમારી સર્જનાત્મકતા ખીલશે.

તુલા: જો તમે કોઈ સફર પર જઈ રહ્યા છો તો તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. વળી, ખાવા -પીવામાં બિલકુલ બેદરકાર ના બનો.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે. કાર્યક્ષેત્રમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયત્ન કરશે.

ધન: આજે પરસ્પર વાટાઘાટોમાં સાવધાની રાખવી. તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષ ના થાય તેની કાળજી લો.

મકર: આજે સર્જનાત્મક બનશો. તમે ગમે તે કામ જોશથી કરો, આજે તમને તેમાં પૂર્ણ સફળતા મળશે. તમારા અધૂરા કામ પૂરા થશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે લાભદાયક છે. કેટલાક નવા પ્રોજેક્ટ પણ શરૂ થઈ શકે છે. આજે કાર્યમાં પરિવર્તનનો યોગ થઈ રહ્યો છે.

મીન: જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટો નફો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો.

## ખાંભાના આંબલીયાળા પ્રા. શાળાના શિક્ષક અશ્વિનસિંહ ચૌહાણને વિદાય

ખાંભા,તા.૧૨

ખાંભા તાલુકાની આંબલીયાળા પ્રાથમિક શાળામાં છેલ્લા ૧૩ વર્ષથી ફરજ બજાવતા શિક્ષક અશ્વિનસિંહ ચૌહાણનો વિદાય સમારંભ યોજાયો હતો. તેમની વતનની શાળામાં બદલી થતાં શાળા પરિવાર, વાલીઓ અને ગ્રામજનોએ તેમને ભાવભીની વિદાય આપી હતી.




પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને શાળાના વિકાસ માટે મહત્વપૂર્ણ કામગીરી કરી હતી. તેમના યોગદાન બદલ તેમને ખાંભા તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારંભમાં ભાવેશભાઈ જાદવ, મુકેશભાઈ ગોહિલ, અનિલભાઈ વ્યાસ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ તેમના કાર્યની પ્રશંસા કરી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## બાબરાના કરીયાણા ગામે વાડીએ લાઈટના અંજવાળે પત્તા ટીચતાં ૫ પકડાયા

બાબરા, તા.૧૨

બાબરાના કરીયાણા ગામે વાડીએ લાઈટના અંજવાળે પત્તા ટીચતાં ૫ પકડાયા હતા. પોલીસે કુલ રૂપિયા ૧૨,૧૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મેહુલભાઈ ઉર્ફે ટકો પરશોતમભાઈ દાહોડીયા, ભરતભાઈ ઉર્ફે અદુ બાબુભાઈ ઝાપડીયા, મહેશભાઈ જેન્તીભાઈ ઝાપડીયા, અજયભાઈ મનસુખભાઈ ઝાપડીયા તથા ધર્મેશભાઈ વિઠ્ઠલભાઈ ઝાપડીયા ઇસમો કરીયાણા ગામે સીમ વિસ્તારમાં આવેલી ભરતભાઈ બાબુભાઈ ઝાપડીયાની વાડી ખેતરે આવેલ સ્લેપ વાળા મકાન પાછળ લાગેલ લાઈટના અજવાળે રસ્તા પર ખુલ્લી જગ્યામાં ગંજીપતાના પાના તથા પૈસા વડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા રોકડ રૂ.૧૨,૧૭૦ મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી પી ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

## બાબરાના થોરખાણ ગામેથી જસદણનો નકલી તબીબ ઝડપાયો

બાબરા, તા.૧૨

બાબરાના થોરખાણ ગામેથી જસદણનો નકલી તબીબ ઝડપાયો હતો. તેની પાસેથી રૂપિયા ૯૬૦૦થી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. બાબરાના મોટા દેવળીયા ગામના પીએચસીના મેડિકલ ઓફિસર ડૉ. મીત સુરાણી(ઉ.વ.૨૬) એ જસદણના નવનીતભાઈ વિઠ્ઠલભાઈ વૈષ્ણવ (ઉ.વ.૪૯) સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેક્ટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગતી સાધન સામગ્રી વસ્તુ મળી કુલ કિ.રૂ.૯૬૦૨ ના મુદામાલ સાથે ઝડપાયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ એમ ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

## લાઠીમાં બાબર સમાજનો વિદ્યાર્થી સન્માન સમારોહનું ભવ્ય આયોજન

અમરેલી,તા.૧૨

લાઠી શહેરમાં સમસ્ત બાબર સમાજ દ્વારા ૮મો વિદ્યાર્થી સન્માન અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાથી લઈને કોલેજ સુધી અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાનો હતો. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ વિદ્યાર્થીઓ માટે પુરસ્કાર



કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. ધોરણ ૧થી લઈને કોલેજના વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, ચોપડા, બોલપેન સહિતની ઉપયોગી સામગ્રી આપવામાં આવી હતી. ભાસ્કરભાઈ ખેર દ્વારા સ્કૂલબેગનું દાન આપવામાં આવ્યું હતું. જ્યારે જગદીશ કંડોળીયા અને મુનાભાઈ દવેરા દ્વારા સ્ટેશનરીની વિવિધ વસ્તુઓનું યોગદાન આપવામાં આવ્યું હતું. પીએસઆઈ જગદીશભાઈ કંડોળીયાએ દરેક વિદ્યાર્થીને એક ડઝન ચોપડા આપ્યા હતા. ઉપરાંત મુનાભાઈ દવેરા દ્વારા કેલ્ક્યુલેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાજના અન્ય દાતાઓના સહયોગથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## તંત્રી લેખ

# અસ્થિર વિશ્વમાં ભારતની સ્થિર પ્રગતિ

વિશ્વ રાજકારણમાં યુધ્ધો માત્ર સરહદો સુધી મર્યાદિત રહેતા નથી; તેમની અસર વૈશ્વિક અર્થતંત્ર, વેપાર, ઊર્જા સુરક્ષા અને રોકાણના પ્રવાહો સુધી પહોંચે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવના કારણે મધ્ય પૂર્વ ફરી એકવાર અનિશ્ચિતતાના કેન્દ્રમાં આવ્યું છે. આવા સમયે ભારત માટે સૌથી મોટો પડકાર માત્ર પોતાના નાગરિકોની સુરક્ષા જ નહીં, પરંતુ વિકાસના માર્ગને અવિરત રાખવાનો પણ છે. મુશ્કેલ વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે ભારતે જે આર્થિક સ્થિરતા અને વ્યૂહાત્મક સંતુલન જાળવ્યું છે, તે આશ્વાસક સંકેત છે. ઈરાનના દક્ષિણ-પૂર્વ કિનારે ઓમાનના અખાત પાસે આવેલું ચાબહાર બંદર માત્ર એક વેપારી બંદર નથી, પરંતુ ભારત માટે વ્યૂહાત્મક અને આર્થિક દૃષ્ટિએ અત્યંત મહત્વનું કેન્દ્ર છે. અરબી સમુદ્ર સાથે સીધો સંપર્ક ધરાવતું આ બંદર ભારતને પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને યુરોપના બજારો સુધી પહોંચવાનો વિકલ્પ આપે છે. ભારતે ચાબહાર બંદરના વિકાસમાં અંદાજે ૧,૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધુનું રોકાણ કર્યું છે. બંદરના આધુનિકીકરણ, કન્ટેનર ટર્મિનલના વિકાસ અને માલસામાનની હેરફેર માટે ભારતે જરૂરી સાધનો અને ટેકનિકલ સહાય પૂરી પાડી છે. આ બંદર દ્વારા ભારત અને ઈરાન વચ્ચે વેપાર ઉપરાંત અફઘાનિસ્તાનને માનવતાવાદી સહાય અને જરૂરી સામગ્રી પહોંચાડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવાઈ છે. ઈરાનમાં ભારતે વર્ષો દરમિયાન કરેલા રોકાણો અને ખાસ કરીને બંદર વિકાસ જેવા પ્રોજેક્ટોનું મહત્વ આજે વધુ સ્પષ્ટ થાય છે. ભલે યુધ્ધના કારણે કેટલાક પ્રોજેક્ટોને અસ્થાયી અસર થાય, પરંતુ ભારતની લાંબા ગાળાની વ્યૂહાત્મક દૃષ્ટિ તેને ફરી ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે. ભારતની વિદેશ નીતિ હંમેશાં સંવાદ, સહયોગ અને શાંતિના માર્ગને પ્રાધાન્ય આપતી રહી છે. આ જ અભિગમ ભારતને વૈશ્વિક સ્તરે વિશ્વસનીય ભાગીદાર બનાવે છે. આ સંજોગોમાં ભારત માટે સૌથી મહત્વપૂર્ણ બાબત ઊર્જા સુરક્ષાની સાથે આત્મનિર્ભરતાને વધુ મજબૂત બનાવવાની છે. નવીનીકરણીય ઊર્જામાં થતા રોકાણો ભવિષ્યમાં આયાત પરની નિર્ભરતા ઘટાડશે અને આંતરરાષ્ટ્રીય સંકટોની અસર પણ ઓછી કરશે. વિશ્વના વિવિધ દેશો સાથે સંતુલિત સંબંધો જાળવવાની ભારતની નીતિ આજે તેની સૌથી મોટી તાકાત બની છે. આ કારણે ભારત વૈશ્વિક સંકટોમાં પણ વિશ્વાસપાત્ર મિત્ર અને જવાબદાર શક્તિ તરીકે ઓળખાય છે. આજના અસ્થિર વિશ્વમાં ભારત માટે પડકારો જરૂર છે, પરંતુ તેના કરતાં વધુ તકો પણ છે. મજબૂત અર્થવ્યવસ્થા, યુવા માનવસંપદા, ટેક્નોલોજીમાં ઝડપથી વધતી ક્ષમતા અને દૂરંદેશી નીતિઓના આધારે ભારત વૈશ્વિક પરિવર્તનને વિકાસના અવસરમાં ફેરવી શકે છે. આવશ્યક છે કે દેશ ઊર્જા સુરક્ષા, આત્મનિર્ભરતા, કૂટનીતિ અને નવીનતાના માર્ગે વધુ ઝડપથી આગળ વધે. વિશ્વમાં જ્યાં યુધ્ધ વિનાશનું પ્રતીક બની રહ્યું છે, ત્યાં ભારત વિકાસ, શાંતિ અને સહકારનો સંદેશ આપી રહ્યું છે. આ જ અભિગમ આગામી દાયકાઓમાં ભારતને માત્ર આર્થિક મહાશક્તિ જ નહીં, પરંતુ વૈશ્વિક સ્થિરતા અને વિશ્વાસના કેન્દ્ર તરીકે પણ સ્થાપિત કરી શકે છે.



# “સમાજમાં જે જાતિવાદ અને ભેદભાવ છે તેને નાબૂદ કરવા સામાજિક પ્રયાસો કરવા જોઈએ” : સુદર્શનજી - (પુષ્પ : ૨૯)

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

વર્ષ ૨૦૦૨ ના વિજયાદશમી ઉત્સવ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાંચમા સરસંઘચાલક કે. એસ. સુદર્શનજીએ રાષ્ટ્ર સમક્ષ એક અત્યંત મહત્વપૂર્ણ અને દિશાસૂચક સંબોધન કર્યું હતું. તેમણે ભારતના તત્કાલીન સામાજિક પડકારો અને શૈક્ષણિક માળખા પર પોતાના ગહન વિચારો રજૂ કર્યા હતા. તેમના પ્રવચનનો મુખ્ય સૂર એ હતો કે હિન્દુ સમાજે પોતાના આંતરિક દૂષણો જેવા કે જ્ઞાતિવાદ, ઊંચ-નીચના ભેદભાવ અને અસ્પૃશ્યતાને દૂર કરવા માટે કેવળ સરકાર, કાયદા કે વહીવટી તંત્ર પર નિર્ભર રહેવું ન જોઈએ. સાચા અર્થમાં સામાજિક સમરસતા ત્યારે જ આવી શકે જ્યારે સમાજ પોતે સક્રિય બને અને પાયાના સ્તરેથી સુધારા માટેના ઈમાનદાર પ્રયાસો શરૂ કરે.

શિક્ષણનું સ્વરૂપ અને સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો:શિક્ષણ વ્યવસ્થાની ચર્ચા કરતા તેમણે તત્કાલીન સમયના ખૂબ જ ચર્ચિત એવા અભ્યાસક્રમના સુધારાના મુદ્દાને સ્પર્શ્યો હતો. શાળાઓના નવા અભ્યાસક્રમ સામે જે ભગવાકરણ (Saffronization) ના રાજકીય અને વૈચારિક આરોપો લગાવવામાં આવ્યા હતા, તેને સુપ્રીમ કોર્ટે એક પી.આઈ.એલ. (જાહેર હિતની અરજી) ના ચુકાદામાં સંપૂર્ણપણે ફગાવી દીધા હતા. સર્વોચ્ચ અદાલતે ૧૯૯૯ ના શંકરરાવ ચૌહાણ સંસદીય સમિતિના અહેવાલને બહાલી આપતા મૂલ્ય આધારિત, નૈતિક અને આધ્યાત્મિક જ્ઞાનથી સભર શિક્ષણની પ્રબળ વકીલાત કરી હતી. અદાલતે તારણ આપ્યું હતું કે પશ્ચિમી સભ્યતાના અતિશય પ્રભાવ હેઠળ આવીને ભૌતિકવાદી સુખો તરફ આંધળી દોટ મૂકી રહેલી ભારતીય યુવા પેઢીને સાચી દિશા આપવા માટે નૈતિક મૂલ્યો અને દેશના વિવિધ ધર્મોના મૂળભૂત જ્ઞાનની ઓળખ કરાવવી અનિવાર્ય છે. ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતો પ્રત્યેની અજ્ઞાનતા જ અંતે સમાજમાં કડવાશ, અવિશ્વાસ અને નફરતને જન્મ આપે છે; તેથી સાચું નૈતિક શિક્ષણ જ સદ્ભાવનાનો પાયો છે.


રાજકીય વાસ્તવિકતા અને ‘નાડાર જ્ઞાતિ’ નો કેસ સ્ટડી:બંધારણીય મૂલ્યો અને વ્યવહારિક જગત વચ્ચેના તફાવતને રેખાંકિત કરતા તેમણે જણાવ્યું કે, ભારતના બંધારણના ઘડવૈયાઓએ એક એવા આદર્શ રાષ્ટ્રની કલ્પના કરી હતી જે સંપૂર્ણપણે ‘જ્ઞાતિવિહીન’ (Caste-free society) હોય. જો કે, દેશની કમનસીબી એ છે કે વર્તમાન સમયનું આખું રાજકારણ, ચૂંટણી પ્રક્રિયાઓ અને મતોનું સમીકરણ આજે પણ જ્ઞાતિ આધારિત ગણતરીઓ અને વિશ્લેષણ પર જ ટકેલું છે. આ વરવી વાસ્તવિકતા વચ્ચે સમાજને નવો રાહ ચીંધવા માટે તેમણે તમિલનાડુની ‘નાડાર’ જ્ઞાતિના ઉત્થાનનો એક અભ્યાસ રજૂ કર્યો હતો.

નાડાર સમુદાયે માત્ર રાજ્યની કલ્યાણકારી યોજનાઓ કે સરકારી અનામત પર આધારિત રહેવાના બદલે શિક્ષણના પ્રસાર, આંતરિક સંગઠન, પોતાના સ્વતંત્ર વ્યાપાર-ઉદ્યોગ અને પોતાની સહકારી બેંકો ઊભી કરીને આર્થિક તેમજ સામાજિક સ્વનિર્ભરતા હાસલ કરી બતાવી. આ પુરુષાર્થના કારણે તેઓ સમાજમાં સન્માનજનક સ્થાન પામ્યા, જ્યારે જે જ્ઞાતિઓ કેવળ સરકાર પર આશ્રિત રહી તે વિકાસની દોડમાં પાછળ છૂટી ગઈ. તેમણે એક નવો દ્રષ્ટિકોણ આપ્યો કે ભારતની જૂની વ્યવસાય આધારિત જ્ઞાતિ વ્યવસ્થા હવે માત્ર શોષણનું માધ્યમ નથી રહી, પરંતુ તે એક એવી સામાજિક સુરક્ષા (Social security netwrok) આપતા મજબૂત સમુદાય તરીકે વિકસી છે જે વ્યક્તિના સુખ-દુઃખ કે સંકટ સમયે સરકાર કરતાં પણ વધુ ઝડપી અને વ્યવહારિક મદદ પૂરી પાડે છે.

રાષ્ટ્ર સામેના સાંપ્રત ભયો અને આહવાન:ઉદ્બોધનના અંતિમ ચરણમાં, સુદર્શનજીએ દેશની સુરક્ષા અને અખંડિતતા સામે ઊભા થયેલા ત્રણ મુખ્ય જોખમો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતીઃ અસ્પૃશ્યતાનું અમાનવીય દૂષણ, વિવિધ પ્રલોભનો અને છળકપટ દ્વારા થતા ધર્માંતરણના આયોજિત પ્રયાસો, અને આ પ્રવૃત્તિઓના કારણે દેશમાં ઝડપથી બદલાઈ રહેલા વસ્તીવિષયક (Demographic) સમીકરણો. તેમણે હિન્દુ સમાજને ચેતવણી આપતા ભારતીય ઉપખંડની સાંપ્રત પરિસ્થિતિનું અતિ વાસ્તવિક અને નગ્ન સત્ય રજૂ કર્યું હતું અને સમગ્ર દેશને આ ભયો સામે જાગૃત અને સંગઠિત થવા હાકલ કરી હતી.

# મૌલિકતા, આત્મવિશ્વાસ અને સ્વાવલંબનનો જીવનમંત્ર “ચાલો, પોતાને તુંબડે તરીએ!”

## મનન ચિંતન



ભરત બાવીશી

“ઉછી-ઉધારાં ન કરીએ”- કવિ મકરંદ દવેની આ એક જ પંક્તિ સમગ્ર જીવનદર્શનનો સાર કહી જાય છે. આજના સમયમાં માણસ પાસે માહિતીનો અખૂટ ભંડાર છે, પરંતુ મૌલિક વિચારોનો અભાવ અનુભવાય છે. સોશિયલ મીડિયા, કૃત્રિમ બુધ્ધિમત્તા, તૈયાર ભાષણો, તૈયાર અભિપ્રાયો અને તૈયાર સફળતાના સૂત્રો વચ્ચે માણસ ધીમે ધીમે પોતાનો સ્વર ગુમાવી રહ્યો છે. આવા સમયમાં “ચાલો, પોતાને તુંબડે તરીએ!” માત્ર કવિતા નથી, પરંતુ સમયને સંબોધતો એક પ્રખર સંદેશ છે.

કવિનો આગ્રહ છે કે બીજાના શબ્દો, બીજાના વિચારો કે બીજાની શૈલી ઉછીની લઈને વ્યક્તિત્વ ઊભું થઈ શકતું નથી. જે વિચાર હૃદયમાં જન્મે છે, જે અનુભવ જીવનમાંથી મળે છે અને જે લાગણી આત્માને સ્પર્શે છે, તે જ સાચી અભિવ્યક્તિ બની શકે છે. મૌલિકતા વ્યક્તિત્વને તેજસ્વી બનાવે છે.

કવિ કુદરતનું સુંદર ઉદાહરણ આપે છે. કોયલ કોઈનો ટહુકો ઉછીનો લેતી નથી અને મોર કોઈની કેકા માંગતો નથી. દરેક જીવ પોતાની આગવી ઓળખ સાથે જીવતો હોય છે. કુદરતનો આ નિયમ મનુષ્ય માટે પણ એટલો જ સાચો છે. છતાં આજે માણસ પોતાની ક્ષમતાને ઓળખવાને બદલે બીજાની સફળતાની નકલ કરવામાં વધુ વ્યસ્ત છે. આ અનુકરણની માનસિકતા સર્જનશીલતાને અવરોધે છે.

આજની શિક્ષણવ્યવસ્થામાં પણ ગુણાંક અને સ્પર્ધાની દોડમાં વિદ્યાર્થીઓ ઘણી વખત પોતાની આંતરિક પ્રતિભા ભૂલી જાય છે. સમાજ સફળતાનું એક જ માપદંડ નક્કી કરી દે છે, જ્યારે દરેક વ્યક્તિની ક્ષમતા, રસ અને જીવનમાર્ગ અલગ હોય છે. સાચું શિક્ષણ વ્યક્તિને બીજાની જેમ બનાવતું નથી; પરંતુ તેને પોતાનું શ્રેષ્ઠ સ્વરૂપ બનવામાં મદદ કરે છે.

સાહિત્ય, કલા, વિજ્ઞાન અને ઉદ્યોગ દરેક ક્ષેત્રમાં મહાનતા પ્રાપ્ત કરનારાઓએ નવો માર્ગ પસંદ કર્યો હતો. તેમણે ભીડને અનુસરવાને બદલે પોતાના અંતરના અવાજને અનુસર્યો હતો. સમાજને આગળ ધપાવનાર દરેક ક્રાંતિ પાછળ કોઈ એક મૌલિક વિચાર હતો. તેથી પ્રગતિનો આધાર અનુકરણ નહીં, પરંતુ નવસર્જન છે.

કવિની છેલ્લી પંક્તિ “રૂડારૂપાળા સઢ કો’ક ના શા કામના? પોતાને તુંબડે તરીએ!” આત્મવિશ્વાસનું પ્રતીક છે. જીવનમાં દરેકને મોટા સાધનો કે અનુકૂળ સંજોગો મળતા નથી. પરંતુ પોતાના પર વિશ્વાસ, સતત પ્રયત્ન અને સકારાત્મક દૃષ્ટિ હોય તો નાનકડું તુંબડું પણ જીવનસાગર પાર કરાવી શકે છે. આત્મનિર્ભરતા જ સાચી સમૃધ્ધિ છે. અહીં “તુંબડું” માત્ર નાનું સાધન નથી; તે આત્મવિશ્વાસ, સ્વધર્મ અને ઈશ્વરપ્રત્યેની શ્રધ્ધાનું પ્રતીક છે. શ્રી અરવિંદ કહે છે કે જીવનની મહાન યાત્રા બહારના સાધનોથી નહીં, પરંતુ અંદરની ચેતનાથી પૂર્ણ થાય છે. જેના અંતરમાં શ્રધ્ધા, નિષ્ઠા અને સમર્પણ છે તે મર્યાદિત સંજોગોમાં પણ અસીમ સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.આ સંદેશ માત્ર વ્યક્તિ માટે જ નહીં, રાષ્ટ્ર માટે પણ એટલો જ મહત્ત્વનો છે. જે રાષ્ટ્ર પોતાની સંસ્કૃતિ, જ્ઞાન, સંશોધન અને સર્જનાત્મકતાના બળે આગળ વધે છે તે જ વિશ્વમાં આગવી ઓળખ બનાવે છે. અંધ અનુકરણથી વિકાસ શક્ય નથી; વિકાસ માટે આત્મવિશ્વાસ અને મૌલિકતા જરૂરી છે.

આજે દરેક વ્યક્તિએ પોતાને એક પ્રશ્ન પૂછવો જોઈએ શું હું મારા વિચારો સાથે જીવું છું કે બીજાના વિચારોના આધારે?

શું મારી સફળતા મારી પોતાની છે કે માત્ર અનુકરણનું પરિણામ? આવા આત્મમંથનથી જ સાચો વિકાસ શરૂ થાય છે. મકરંદ દવેની આ કવિતા આપણને જીવનનો એક અવિનાશી મંત્ર આપે છે પોતાની ઓળખને જાળવો, પોતાના અંતરના અવાજને સાંભળો, પોતાની ક્ષમતાઓ પર વિશ્વાસ રાખો અને ઉછીના વ્યક્તિત્વને બદલે પોતાનું વ્યક્તિત્વ ઘડો. વ્યક્તિનું સાચું ગૌરવ એમાં નથી કે તે કેટલો બીજાઓ જેવો બની શકે છે; પરંતુ એમાં છે કે તે કેટલો પોતાનો બની શકે છે. શ્રી માતાજી વારંવાર કહેતાં કે દરેક વ્યક્તિએ પોતાની અંદરની વિશિષ્ટતાને શોધવી જોઈએ; કારણ કે દરેક આત્મા ઈશ્વરની અનોખી અભિવ્યક્તિ છે.આજના અનુકરણપ્રધાન યુગમાં આ કવિતા દીવાદાંડી સમાન છે. જો આપણે સાચા અર્થમાં સર્જનાત્મક, આત્મનિર્ભર અને પ્રભાવશાળી સમાજનું નિર્માણ કરવું હોય, તો મકરંદ દવેના આ આહવાનને જીવનમંત્ર બનાવવો પડશે.

ચાલો, બીજાના પ્રકાશથી ઝગમગાવાની જગ્યાએ પોતાના અંતરમાં દીવો પ્રગટાવીએ. કારણ કે જે પોતાનો પ્રકાશ શોધી લે છે, તે જ દુનિયાને સાચો પ્રકાશ આપી શકે છે.

> **કો’કનાં તે વેણને વીણી વીણીને વીરા,**
> **ઉછી-ઉધારાં ન કરીએ.**
> **ચાલો, પોતાના તુંબડે તરીએ,**
> **હૈયે ઊગે એવી હૈયાની વાતને,**
> **ફૂલ જેમ ફોરમતી કરીએ.**
> **કોયલ તો કોઈનો ટહુકો ન માગે,**
> **ને મોરલો કોઈની કેકા.**
> **માનવીનું કાળજું આ કેવું ઘડ્યું ?**
> **પીડ પોતાની ને પારકા લહેકા !**
> **રૂડારૂપાળા સઢ કો’કના શા કામના ?**
> **પોતાને તુંબડે તરીએ !**
> **ઉછી-ઉધારાં ન કરીએ...**
> **-મકરંદ દવે**

# પર્યાવરણ બચાવવા માટે ખેડૂતોને બાગાયત ખેતી અને એગ્રી ફોરેસ્ટ્રી ખેતી તરફ વાળવા પડશે



આજે ધરતી માતા આપણને વારંવાર ચેતવણી આપી રહી છે. ક્યારેક અસહ્ય ગરમી, ક્યારેક અનિયમિત વરસાદ, ક્યારેક દુષ્કાળ તો ક્યારેક અચાનક પૂર. આ બધું કુદરતનો કોપ નથી, પરંતુ માનવજાતે પ્રકૃતિ સાથે કરેલી છેડછાડનું પરિણામ છે. જો હજુ પણ આપણે નહીં જાગીએ તો આવનારી પેઢી આપણને ક્યારેય માફ નહીં કરે.

આજે પર્યાવરણ બચાવવું એ માત્ર સરકારનું કામ નથી, શહેરો અને મહાનગરમાં પડતર જમીનનો ઓછી છે જેટલી જગ્યા છે તેનો વૃક્ષારોપણ માટે સદ ઉપયોગ થવો જોઈએ. પરંતુ પર્યાવરણને બચાવવું હોય અને વૃક્ષોની સંખ્યા વધારવી હોય તો સાચી જવાબદારી ગામડાના દરેક ખેડૂત, યુવાન, મહિલા અને દરેક નાગરિકની સામાજિક જવાબદારી છે. કારણ કે આજે ગામડાઓ પાસે ખેતીની જમીન છે અને થોડી ઘણી બાકી વધેલી સરકારી પડતર જમીન અને ગૌચરની જમીનો છે ત્યાં વૃક્ષારોપણ અભિન સૌથી સફળ બની શકે

દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘એક પેડમાં કે નામ’ અભિયાન શરૂ કરીને સમગ્ર દેશને હરિયાળો બનાવવાનો સંકલ્પ અપાવ્યો છે. દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ પણ પોતાના લોકસભા વિસ્તારમાં આયોજનબધ્ધ રીતે વૃક્ષો ઉછેરવાનું કાર્ય કરી રહ્યા છે. સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણીએ ખેડૂતોને આંબાની કલમો આપવાની સુંદર શરૂઆત કરી છે. સદભાવના વૃધ્ધાશ્રમ રાજકોટ જેવી અનેક સંસ્થાઓ પણ વર્ષોથી નિઃસ્વાર્થભાવે વૃક્ષારોપણનું કામ કરી રહી છે. આવા બધા પ્રયાસો ખરેખર અભિનંદનને પાત્ર છે. નામી અને અનામી ઘણા લોકો આ પ્રકારના પ્રયાસો કરી રહ્યા છે જે બધા અભિનંદનને પાત્ર છે.

પણ એક વાત દિલ પર હાથ રાખીને પૂછવી પડે... દર વર્ષે લાખો વૃક્ષો વવાય છે, તો પછી હરિયાળી અને વૃક્ષો કેમ ઘટી રહયા છે? સરકારી શાળાઓમાં, કચેરીઓમાં, રસ્તાની બાજુએ વર્ષો સુધી વૃક્ષારોપણના કાર્યક્રમો થાય છે. ફોટા પડે છે, સમાચાર છપાય છે. પણ એક વર્ષ પછી એ વૃક્ષો ક્યાં હોય છે? આ સવાલનો જવાબ આપણે બધાએ મળીને શોધવો પડશે.

વૃક્ષ વાવવું સહેલું છે, પણ તેને ઉછેરવું મુશ્કેલ છે. સાચી સેવા તો ત્યારે કહેવાય જ્યારે વાવેલું વૃક્ષ મોટું થાય, પક્ષીઓને માળો બનાવે,

## ઝાકળનું એક બિંદુ



હિરેન હિરપરા

પશુઓને છાંયો આપે અને માણસને શુધ્ધ હવા મળે આજે સૌથી વધારે જરૂર છે દેશી કુળના વૃક્ષોની. વડ, પીપળો, લીમડો, આંબો, જાંબુ, ખીજડો, ઉમરો જેવા વૃક્ષો માત્ર છાંયો જ નથી આપતા, પરંતુ હજારો પક્ષીઓ અને જીવસૃષ્ટિનું ઘર બને છે. આજે ચકલી, પોપટ, કોયલ,મોર જેવા અનેક પક્ષીઓ ગામડામાં ઓછા દેખાય છે, કારણ કે તેમના રહેવાના વૃક્ષો આપણે જ કાપી નાખ્યા છે.

મને લાગે છે કે જો ખરેખર પર્યાવરણ બચાવવું હોય તો ખેડૂતોને આ અભિયાનના કેન્દ્રમાં લાવવા પડશે. ખેડૂત પોતાના ખેતરની વાડે, શેઢે અને પડતર જગ્યાએ દેશી વૃક્ષો તથા ફળાઉ બાગાયતી પાક વાવે, તો એક તરફ પર્યાવરણ હરિયાળું બનશે અને બીજી તરફ ખેડૂતની આવક પણ વધશે. આ એક એવો રસ્તો છે જેમાં કુદરત પણ ખુશ અને ખેડૂત પણ ખુશ.

સરકાર પાસે ગૌચરની જમીન, પડતર જમીન, નદી-તળાવના કાંઠા અને જાહેર જમીનોનો મોટો વિસ્તાર છે. જો ગામના લોકો, ગ્રામ પંચાયત, ગૌશાળાઓ, યુવા મંડળો અને ખેડૂતોને સાથે રાખીને પાંચ વર્ષના જતન સાથે વૃક્ષારોપણ કરવામાં આવે તો આખો વિસ્તાર લીલોછમ બની શકે.

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રાયડી ગામના એક ખેડૂતે પોતાના પરિશ્રમથી લગભગ ૧૧ હજાર જેટલા દેશી કુળના વૃક્ષો ઉછેરી બતાવ્યા છે. આવા લોકો કોઈ એવોર્ડ કે પ્રસિધ્ધિ માટે કામ કરતા નથી. તેઓ તો આવનારી પેઢીને હરિયાળું ભવિષ્ય આપવા માટે જીવતા હોય છે.

દુઃખની વાત એ છે કે સમાજ આજે આવા નિઃસ્વાર્થ સેવકોને ભૂલી જાય છે. ઘણીવાર સત્તા, પૈસા અને પ્રભાવ ધરાવતા લોકો નું બહુમાન થાય છે, પરંતુ ધરતી માતાની સેવા કરનાર ખેડૂત, વૃક્ષ ઉછેરનાર અને પ્રકૃતિના રખેવાળાને યોગ્ય સ્થાન મળતું નથી. હવે સમય આવી ગયો છે કે સન્માનના માપદંડ બદલીએ. જે વ્યક્તિ સમાજને ઓક્સિજન આપે છે, જંગલ બચાવે છે, પક્ષીઓને ઘર આપે છે અને ધરતીને જીવંત રાખે છે, તે જ સાચા અર્થમાં સમાજના સમાજસેવકો છે. જે ફોટો અને વીડિયોમાં ઓછા દેખાય છે કે કાર્યક્રમમાં દાન આપી શકતા નથી શું આવા લોકોને ભૂલી જવા એટલે સમાજ આંધળો બનીને ખોટા લોકોને પ્રોત્સાહિત કરવાનું કામ કરી રહ્યો છે

આજે આપણે માત્ર એક સંકલ્પ કરવાની જરૂર છે ‘વૃક્ષ વાવીને ભૂલી જવાનું નહીં, વૃક્ષને જીવતું રાખવાનું.’ દરેક ખેડૂત વર્ષમાં દસ દેશી વૃક્ષો ઉછેરે, દરેક ગામ પોતાની ગૌચરની જમીન હરિયાળી બનાવે અને દરેક પરિવાર પોતાના બાળકોના નામે એક વૃક્ષ ઉછેરે, તો થોડાં જ વર્ષોમાં ગુજરાત અને ભારત ફરીથી હરિયાળું બની શકે.

યાદ રાખજો... રસ્તા, મકાનો અને કારખાનાઓ વિકાસનું પ્રતીક હોઈ શકે, પરંતુ જીવતું વૃક્ષ જ જીવનનું પ્રતીક છે. જે ખર્ચ આજે જાહેર સ્થળે વૃક્ષારોપણ અને એની માવજત પાછળ થાય છે એટલો જ ખર્ચ જો ખેડૂતોને બાગાયત ખેતી અને એગ્રી ફોરેસ્ટ્રી ખેતી માટે આપવામાં આવે તો શ્રેષ્ઠ પરિણામ પર્યાવરણ ક્ષેત્ર મળી શકે ચોમાસાની શરૂઆત છે આવો એક વૃક્ષ વાવીએ.

## :: તિખારો ::

**આજે ભલે કોઈ અન્યાય કરીને હસતું હોય કે ખોટું કરીને પ્રસિધ્ધ થવાનો શોખ રાખવું હોય પણ સમય શાંતિથી દરેક ઘટનાનો હિસાબ લખતો હોય છે. કોઈનું ખરાબ કરીને કે કોઈને પાડીને જીતનો ગર્વ ન કરશો. કારણ કે કર્મ જ્યારે હિસાબ માગે છે ત્યારે માણસ પાસે કોઈ બહાનું બચતું નથી**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતિ કાર્યો

અત્યાર સુધીમાં ગુજરાતના અમુક વિસ્તારમાં મધ્યમ,અમુકમાં બહુ ભારે જ્યારે અમુક વિસ્તારમાં વાવણી લાયક વરસાદ થયો નથી.આ સ્થિતિને ધ્યાને રાખી વાવેતર કરવું.

**મગ :** ● ગુજરાત મગ ૧૦ (GM ૧૦: સોરઠ મોતી) ગુજરાત રાજ્યના ખેડૂતોને ખરીફ ઋતુમાં મગ ઉગાડતા ગુજરાત મગ ૧૦ (GM ૧૦: સોરઠ મોતી) વહેલા (૬૫ દિવસ) પાકતી જાતનો વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. આ જાતના બીજ મધ્યમ કદના અને લીલા રંગના હોય છે. આ જાત MYMV, પાન કર્લ, એન્થ્રેકનોઝ અને પાવડરી માઈલ્ડ્યુ રોગો સામે પ્રતિરોધક છે.

**મગફળી :** ● સુકારો આવ્યો હોય તો ટ્રાઈકોડરમાંનું ડ્રેન્સિંગ કરવું.

**સોયાબીન : સોયાબીનમાં આવતા મૂખ્ય રોગો અને તેનું નિયંત્રણ**

| ક્રમ | રોગનું નામ | નિયંત્રણ |
|---|---|---|
| ૧ | ફાયટોપ્થોરા થી થતો મૂળનો કોહ્વારો | ● કોપર ઓક્સીક્લોરાઈડ ૫૦% વે.પા. ૧૦ લીટર પાણીમાં ૪૦ ગ્રામ ઓગાળી રોગની શરૂઆત થયે છંટકાવ કરવો. બીજો છંટકાવ ૧૫ દિવસ પછી કરવો. ● મેટાલેક્ઝીલ ૮% + મેન્કોઝેબ ૬૪% વે.પા. નું તૈયાર મિશ્રણ ૧૦ લીટર પાણીમાં ૧૫ થી ૨૦ ગ્રામ મુજબ ઓગાળી છંટકાવ કરવો. |
| ૨ | મોઝેક વાઇરસ | ● સમયાંતરે ખેતર માંથી રોગીસ્ટ છોડ ઉપાડી તેનો નાશ કરવો. ● પાકનો ફેરબદલી અપનાવવી. ● આ રોગ ચુસીયા પ્રકારની જીવાતોથી ફેલાતો હોય તેનું નિયંત્રણ કરવું. |
| ૩ | ભુકીછારો | ● રોગની શરૂઆત થયે પાણીમાં દ્રાવ્ય ગંધક ૮૦% વે.પા. ૧૦ લીટર પાણીમાં ૨૫ (૦.૨%) ગ્રામ મુજબ ભેળવી છંટકાવ કરવો. જરૂર પડયે બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો. અથવા ● હેક્ઝાકોનાઝોલ ૦.૦૦૫% ૧૦ લીટર પાણીમાં ૧૦ મિલી મુજબ ભેળવી છંટકાવ કરવો. જરૂર પડયે બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો. |

**સોયાબીનમાં આવતી મુખ્ય જીવાત અને તેનું નિયંત્રણ**

| ક્રમ | જીવાતનું નામ | નિયંત્રણ |
|---|---|---|
| ૧ | લશ્કરી ઈયળ/ સેમીલુપર | ● પ્રકાશ પિંજર નો ઉપયોગ કરવો. ● મોઝણી માટે ફેરોમન ટ્રેપ ૬ પ્રતિ હેક્ટર ગોઠવવા. ● ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મી.લી. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મી.લી. અથવા ક્લોરાન્ટ્રાનિલિપોલ ૨૦ એસસી ૩ મિ.લિ. અથવા ઈન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઈસી ૫ મિ.લિ. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુજી ૪ ગ્રામપૈકી કોઈપણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| ૨ | ગર્ડલ બીટલ | ● ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મી.લી. અથવા ક્વીનાલફોસ ૨૫ ઈસી ૨૦ મી.લી. અથવા ક્લોરાન્ટ્રાનિલિપોલ ૨૦ એસસી ૩ મિ.લિ. અથવા ઈન્ડોક્ઝાકાર્બ ૧૫.૮ ઈસી ૫ મિ.લિ. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ ડબલ્યુજી ૪ ગ્રામ પૈકી કોઈપણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| ૩ | પાન કથીરી | ● કથીરીનાશક દવાઓ જેવીકે ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મી.લી. અથવા ડાયફેન્થુરોન ૫૦ ડબલ્યુપી ૧૦ ગ્રામ અથવા પ્રોપરગાઈટ ૫૭ ઈસી ૧૫ મી.લી. પૈકી કોઈપણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |

● પાનનાં ટપકાં અને ગેરૂ રોગના નિયંત્રણ માટે ટેબુકોનાઝોલ ૧૦ મિ.લિ./૧૦લી. પાણીમાં નાખી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરો.

● સેન્દ્રીય ખેતી માટે ૫૦% નાઈટ્રોજન છાણીયા ખાતરમાંથી તેમજ બાકીનો જૈવિક ખાતરો અને ફોસ્ફરસ માટે રોક ફોસ્ફેટ ૧૦૦ કિલો/હે. આપવું.

● મગફળીમાં ઘૈણ નિયંત્રણ માટે ક્લોરપાયરીફોસ હેકટરે ૪ લીટર પ્રમાણે પાણી સાથે આપવું. પિયત ન થઈ શકે તો પંપ દ્વારા નોઝલ કાઢી ક્લોરપાયરીફોસ (૧૦ લીટર પાણીમાં ૨૫ મિલી) પ્રવાહી મગફળીનાં મૂળ પાસે ડ્રેન્ચીંગ કરવું. અથવા ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો રેતીમાં ભેળવી ત્યારબાદ સુકવી અને રેતી એક હેકટર વિસ્તારમાં થડ પાસે મુકવી.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**કપાસ :** ● મૂળખાઈ મૂળનો સડો/ના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ અથવા કોપર એક્સીકલોરાઈડ ૨૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી સૂકાતાં છોડની આજુબાજુ જમીનમાં મૂળ વિસ્તારમાં આપવું.

● સફેદ માખીની મોજણીમાં પીળા રંગની સ્ટીકી ટ્રેપ હેકટરે ૫ લગાવવી. ઈયળ વર્ગની જીવાતોની મોજણીમાં ફેરોમેન ટ્રેપ હેકટર દીઠ ૫ લગાવવી.

**શેરડી :**

● શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકાં કદનાં પાળા ચઢાવવા અને પાંચમાં મહિને ભારે કદનાં પાળા ચઢાવવા. છેવટનાં પાળા ચઢાવતા પહેલા રાસાયણિક ખાતરનો જથ્થો પુરો કરવો.

● ચાબુક અંગારીયો લક્ષણો આ રોગમાં શેરડીની મોટા ભાગની જાતોમાં સાંઠાની ટોંચથી ચાબુક જેવો ઉગારો જોવા મળે છે. જેની ફરતે પાતળા કાગળ જેવું ચમકતુ આવરણ આવેલું હોય છે અને તેમાં ફુગના બીજ રહેલા હોય છે. રોગીષ્ટ છોડનો સાંઠો પાતળો તથા કાતળીયો નાની રહે છે.

**બંટી :** ચોમાસા ઋતુમાં બંટીની જાત જી.બી.-૨ (શબરી)ની વાવેતર માટે ભલામણ કરવામાં આવે છે. બંટીની જાત જી.બી.-૨ (શબરી)માં દાણાનું સરેરાશ ઉત્પાદન ૧૯૫૭ કિ.ગ્રા./હેક્ટર આવે છે, આ જાતમાં પ્રોટીન (૮.૪૫ ગ્રામ/૧૦૦ ગ્રામ), લોહતત્વ (૮.૨૬ મી.ગ્રા./૧૦૦ ગ્રામ), ઝીંક (૨.૮૯ મી.ગ્રા./૧૦૦ ગ્રામ) અને કેલ્શિયમ (૨૨.૩ મી.ગ્રા./૧૦૦ ગ્રામ)નું નોંધાયેલ છે. આ જાત આકર્ષક મોટા ભરાવદાર દાણાવાળી, એકસરખી પરીપકવતા ધરાવતી, દાણા ખરી જવા તેમજ ઢળી પડવા સામે પ્રતિકારકતા ધરાવતી હોવાથી વધુ ઉત્પાદન આપે છે. આ જાત પર્ણ અને ગાંઠના કરમોડીના રોગ તેમજ દાણા તથા કણસલાના આંજીયાના રોગ સામે મધ્યમ પ્રતિકારકતા અને સાંઠાની માખી સામે પ્રતિકારકતા ધરાવે છે.

**બાગાયતઃજામફળ :-**

● જામફળનાં ઝાડ દીઠ ૩૭૫-૧૮૮-૧૮૮ ગ્રામ એન.પી.કે. દ્રાવ્ય ખાતર ચાર સરખા હપ્તામાં આપવું.

**સરગવોઃ**

● સરગવાની ખેતી ૬ મીટર × ૬ મીટરના અંતરે અથવા ખેતરના શેઢા ઉપર ૬ મીટરના અંતરે તેના રોપા કે કટકાકલમ રોપા કરી શકાય છે. વાવણી બાદ જે તે જાત પ્રમાણે ૬ માસ બાદ શીંગો ચાલુ થાય છે.

● વર્ષ ઝાડ દીઠ ૪૦ થી ૬૦ કિ.ગ્રા. શીંગોનું ઉત્પાદન મળે છે

**આમળા :** ● આમળાના ફળો ઉપર કાળા ડાઘા પડવા માંડે છે તો બોરોન તત્વની ઉણપને લીધે ફળના માવામાં ભૂખરા કાળા ડાઘ પડે છે. તેના નિયત્રણ માટે ૧૦ લીટર પાણીમાં ૩૦ ગ્રામ બોરેક્ષા પાઉડર ભેળવીને ફળ નાના હોય ત્યારે ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવો અથવા જુન માસમાં ખાતરની સાથે ઝાડ દીઠ ૧૦૦ ગ્રામ પ્રમાણે બોરેક્ષા પાઉડર આપવો.

ઘરે નિંદામણનાશક દવા બનાવો (યુનિવર્સીટીની ભલામણ નથી)

● ગાજરીયું ઘાંસ (કોંગ્રેસ) ઘાંસને સુકવી તેને બાળી રાખ કરી નાખવું , ખાડ અથવા ગાંગડા વાળી સાકર વધુ સારી તેને દૂધમાં નાખી ઓગાળી રાખમાં મિક્સ કરો તેને બેરલમાં પાણી ભરી તેમાં નાખો તેમાંથી સીધા પંપ ભરી ગાજરીયા ઘાંસ ઉપર છંટકાવ કરો આરીતે જેપણ ખેતરમાં ઘાંસ હોય તેને બાળી તેમાં ખાડ અને દૂધ ઉમેરી છંટકાવ કરો







**ચીકુ :** ● ચીકુની ૦.૫ સેમી. ઝાડાઈની સ્લાઈસને સોલાર ડ્રાયર દ્વારા સુકવણી સંગ્રહ કરવાથી ૬ માસ સુધી ગુણવતા જળવાઈ રહે છે.

**પિયત :** ● જમીન પર સફેદ પારદર્શક પ્લાસ્ટિકનું આવરણ કરવાથી જમીનનું તાપમાન વધે છે અને જમીનમાં રહેલ જીવાણુઓ નાશ પામે છે અને જમીનજન્ય રોગો અટકે છે. તેને સોઈલરાઝેશન કહે છે. ● પ્લાસ્ટિકનો ખેતીવાડીમાં જમીનનું ધોવાણ અટકાવવા, ગ્રીનહાઉસ,મલ્ચીગ,પેકેજીંગ,ફુડ ઈન્ડસ્ટ્રીઝ, ખેત ઓજારમાં, પિયત પદ્ધતિમાં, પ્રાણીઓનાં શેડ બનાવવા વગેરેમાં ઉપયોગ થાય છે.

રાસાયણિક દવાઓના સંગ્રહ સમયે લેવાની થતી કાળજી અને સલામતીના પગલા

● ૧. ઘરની અંદર દવાનો સંગ્રહ કરવો નહિ .

● ૨. જે પેકીંગમાં દવા ખરીદી હોઈ તેજ પેકિંગમાં ઓરીજનલ સીલ સાથે રાખવી .

● ૩. બીજા પેકીંગમાં દવાની ફેરવણી કરવી નહિ .

● ૪. દવા સાથે પ્રાણી કે માણસ માટે ખાવાનો ખોરક રાખવો નહિ .

● ૫. બાળક અને પાલતુ પશુ દવા સુધી પહોંચે નહિ તે રીતે રાખવી .

● ૬. સીધા સુર્ય પ્રકાશ કે વરસાદમાં ન આવે તે રીતે સંગ્રહ કરવો .

● ૭. નિંદામણ અને કિટકનાશક દવાનો અલગ સંગ્રહ કરવો .

**પશુપાલનઃ** જાનવરોની કઈ જાતો રાખવાથી વધુ ઉત્પાદન મળશે. ?

● પશુઓમાં ભેંસોની જાફરાબાદી, સુરતી અને મહેસાણી ઓલાદો સારી છે.

● જાફરાબાદી ભેંસો એક વેતરમાં ૩૨૦ થી ૩૫૦ વેતરના દિવસોમાં સરેરાશ ૨૫૦૦ થી ૨૮૦૦ લિટર

● સુરતી ભેંસો ૩૦૦ દુઝણા દિવસોમાં સરેરાશ ૨૦૦૦ થી ૨૩૦૦ લિટર

● મહેસાણી ભેંસો ૩૧૦ દુઝણા દિવસોમાં ૨૨૦૦ થી ૨૫૦૦ લિટર દૂધ આપે છે.

● આ ઉપરાંત બન્ની ભેંસો પણ દૈનિક ૧૨-૧૫ લિટર જેટલું સારૂ દૂધ ઉત્પાદન આપે છે

● પશુઓમાં ગાયોમાં ગીર અને કાંકરેજ ઓલાદો સારી છે.

● જેમાં ગીરની ઓલાદો શુધ્ધ સ્વરૂપમાં ખાસ કરીને જૂનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર, અને રાજકોટ જીલ્લાઓમાં ● જ્યારે કાંકરેજ ઓલાદના જાનવરો મહેસાણા, અમદાવાદ, સાબરકાંઠા, ખેડા,વડોદરા, ભરૂચ, અને સુરત જીલ્લાઓમાં જોવા મળે છે. ● ગીર ગાયો વેતરના કુલ ૩૦૦ થી ૩૭૫ દિવસમાં ૨૫૦૦ થી ૩૦૦૦ લિટર દૂધ આપતી નોંધાયેલ છે

● કાંકરેજ ગાયો ૨૭૫ થી ૩૧૫ દિવસમાં ૨૨૦૦ થી ૨૫૦૦ લિટર દૂધ આપે છે.

# પાક અવશેષોનો ઉપયોગઃ જમીનની તંદુરસ્તી અને ખેડૂતોની સમૃદ્ધિ

પાક અવશેષોઃ- પાકની કાપણી પછી ખેતરમાં બચી રહેલા છોડના ભાગો, જેમ કે દાંડી, પાંદડા, મૂળ, ભૂસી વગેરેને પાક અવશેષો કહેવામાં આવે છે. પાક અવશેષ વ્યવસ્થાપનઃ- પાક અવશેષ વ્યવસ્થાપનએ ખેડાણ કામગીરીની આવર્તન અને તીવ્રતા ઘટાડવા અને અગાઉના પાકમાંથી બચેલા વનસ્પતિક ભાગોનું પ્રમાણ વધારવા પર આધારિત એક વ્યૂહરચના(strategy) છે. આ વ્યવસ્થાપન અભિગમનો ધ્યેય માટી અને પાણીની ગુણવત્તાનું સંરક્ષણ કરવાનો છે.તે ઘણા બધા પર્યાવરણીય અને આર્થિક લાભો પૂરા પાડે છે. ઉચ્ચ ઉપજ અને ઈંધણ, વીજળી અને કૃત્રિમ જંતુનાશકો અને ખાતરો જેવા ખર્ચાળ ઈનપુટ્સનો ઓછો ઉપયોગ મોટાભાગની પરિસ્થિતિઓમાં પાક અવશેષ વ્યવસ્થાપન તરફ ધ્યાન ખેચે છે.ઓછા અવશેષ ધરાવતા છોડ પછી ઉચ્ચ અવશેષ ધરાવતા છોડ અથવા કવર પાક વાવવું એ સામાન્ય રીતે પાક અવશેષ વ્યવસ્થાપનમાં પ્રારંભિક પગલું છે. અવશેષોનું પ્રમાણ, તેમનું દિશાનિર્દેશ (ઊભા સ્ટબલથી લઈને નીચે પડેલા સુધી), અને સૌથી વધુ માંગવાળા સમયગાળા દરમિયાન તેમનું સમાન વિતરણ આ વર્ષભરના વ્યવસ્થાપનના અન્ય મુખ્ય પાસાઓ છે, જે લણણી પછીના સમયગાળાથી ઘણા આગળ ફેલાયેલા છે.અસરકારક પાક અવશેષ વ્યવસ્થાપન ખાસ કરીને નાજુક જમીનમાં મહત્વપૂર્ણ છે જે ધોવાણ માટે સંવેદનશીલ હોય છે. પાકઅવશેષવ્યવસ્થાપનના ફાયદાઃ- કૃષિ, આર્થિક અને પર્યાવરણીય લાભો લાવે છે, તેથી યોગ્ય પાકના અવશેષોના સંરક્ષણ અને વ્યવસ્થાપન એ ખૂબ જ મહત્વ નું છે. પાક અવશેષોના સમય પૂર્વક યોગ્ય રીતે સદુપયોગ કરવાથી ઘણા ફાયદાઓ થાય છે જે નીચે દર્શાવ્યા છે.

● જમીનનું સ્વાસ્થ્ય અને ફળદ્રુપતામાં સુધારો કરે છે.
● માટીના ધોવાણને ઘટાડે અથવા અટકાવે છે.
● છોડના વિકાસ માટે અનુકૂળ તાપમાને જમીન જાળવી રાખે.
● મૂળના વૃદ્ધિને પ્રોત્સાહન આપે.

ડો. દેવાંગ એન. ખલાસી,
ડો. તૃપ્તિ ડોડીયા,ધાર્મિક બી. પટોલિયા,
બાગાયતવિભાગ, બં. અ.કૃ.
મહાવિદ્યાલય, આ.કૃ.યુ. આણંદ

● માટીના પી. એચ. માં સુધારો કરે અને છોડ માટે વધુ સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઉપલબ્ધતાવધારે.
● પુનઃઉપયોગ માટે પોષક તત્વોનોપુનઃ ઉપયોગ થાય છે.
● કાર્બનિક પદાર્થો, ખાસ કરીને કાર્બનથી જમીનને સમૃદ્ધ બનાવે.
● જમીનમાં રહેતા સુક્ષ્મસજીવોને પોષણ પૂરું પડે છે.
● જમીનનાભૌતિક ગુણોમાં સુધારો કરી પાણીને ગ્રહણકરવાનીઅને વધારેના પાણીના નિકાલની જમીનનીક્ષમતામાં વધારો કરે છે.
● પાણીનું બાષ્પીભવન ઘટાડે જેથીસિંચાઈ માટે વપરાતા પાણીના જથ્થામાં ઘટાડો થશે.
● પાક ઉપજમાં વધારો કરે છે.

પાકના અવશેષોનો ઉપયોગ કરવાની અસરકારક પદ્ધતિઓ

● ખાતર અને વર્મીકમ્પોસ્ટિંગઃ લાકડાના અથવા પાંદડાવાળાકચરાને ગાયના છાણ અને ફાયદાકારક સૂક્ષ્મજીવાણુઓ સાથે ભેળવવાથી વિઘટન ઝડપી બને છે, કચરો પોષક તત્વોથી ભરપૂર કાર્બનિક ખાતરમાં ફેરવાય છે. ફળોની છાલને નાઈટ્રોજનથી ભરપૂર ''લીલા'' પદાર્થો (જેમ કે ઘાસના ટુકડા) અને કાર્બનથી ભરપૂર ''ભૂરા'' પદાર્થો (જેમ કે સૂકા પાંદડા) સાથે ભેળવી દો. તમે છોડ અને બગીચા માટે ઓર્ગેનિક વર્મીકમ્પોસ્ટ નો પણ ઉપયોગ કરી શકો છો જેથી વિઘટન ઝડપી બને. પરિણામે ખાતરને વાવેતર કરતા પહેલા જમીનમાં સમાવી શકાય છે.

● ઈન-સીટુ મલ્ચિંગઃ કાપેલી ડાળીઓ અને કાપેલા વનસ્પતિ અવશેષોને જમીનની સપાટી પર ફેલાવવાથી જમીનનું ધોવાણ થતું



અટકાવે છે અને બાષ્પીભવન દ્વારા ભેજનું નુકસાન નોંધપાત્ર રીતે ઓછું થાય છે. ● લીલું ખાતર(Greenmanuring)ઃ નાના, નરમ છોડના અવશેષોને સીધા જમીનમાં ખેડવાથી કાર્બનનો મોટો જથ્થો વધે છે જે ફાયદાકારક બેક્ટેરિયા અને ફૂગ ખાય શકે છે. ● બાયોચાર ઉત્પાદનઃ ઓછા ઓક્સિજનવાળા વાતાવરણમાં લાકડાના પાકના કચરા (જેમ કે જૂના ફળના ઝાડની ડાળીઓ) ને પાયરોલાઈઝ(ગરમીથી પાક અવશેષોનું વિઘટન) કરવાથી સ્થિર કાર્બન બને છે જે માટીના પોષક તત્વો માટે કાયમી સ્પોન્જ તરીકે કાર્ય કરે છે. ● પ્રવાહી ખાતર (આથો છોડનો રસ)ઃ ફળની છાલને ૧ થી ૨ અઠવાડિયા માટે ક્લોરિન વગરના પાણીમાં પલાળી રાખવું. એકવાર આથો આવી ગયા પછી, પ્રવાહીને ગાળી લેવું, તેને પાતળું કરો (૧ ભાગ ખાતરથી ૧૦ ભાગ પાણી), અને છોડને તાત્કાલિક પોષક તત્વો પૂરા પાડવા માટે તેને સીધા મૂળમાં આપી શકાય છે. ● માટીના પી. એચ. નિયમનઃપાકના કચરામાંથી બનાવેલ ખાતર સામાન્ય રીતે અનુકૂળ પી. એચ. સંતુલન જાળવી રાખે છે. જ્યારે આલ્કલાઈન જમીનમાં ઉપયોગ થાય છે, ત્યારે સૂક્ષ્મજીવાણુઓથી સમૃધ્ધ ખાતર એક ઉત્તમ માટી કન્ડીશનર(જમીન સુધારક) તરીકે કાર્ય કરે છે, પી. એચ.ને સંતુલિત કરે છે અને વધુ સારા બીજ અંકુરણ અને છોડના પ્રારંભિક વિકાસને પ્રોત્સાહન આપે છે. ● પશુ ચારોઃ શાકભાજીના વાનસ્પતિક ભાગો અને ચોક્કસ ફળોના પલ્પ જેવા ચોક્કસ અવશેષોનો ઉપયોગ પશુધન માટે પોષક ખોરાક તરીકે થાય છે.

# પ્રિસિઝન ફાર્મિંગ : નવા યુગની આધુનિક પધ્ધતિ

કૃષિ દેશની અર્થવ્યવસ્થામાં અંદાજે ૧૭% જેટલું જીડીપીમાં યોગદાન અને અંદાજે ૬૦% વસ્તીને રોજગાર પ્રદાન કરે છે હાલમાં, દેશની કુલ જમીનનો આસરે ૬૦% ઉપયોગ પાક ઉત્પાદન માટે થાય છે. કૃષિ, જોડે સૌથી ઓછી યાંત્રિકીકરણ હોવા છતાં કૃષિના વિકાસ અને વ્યવસાયિકરણ માટે વેગ મળ્યો છે.વૈશ્વિક કૃષિનો મુખ્ય પડકાર વધતી જતી વસ્તીને ખોરાક પૂરો પાડવાનો છે , જે આજે સાત અબજથી વધીને વર્ષ ૨૦૫૦ની આસપાસ અંદાજે નવ અબજ થવાની આગાહી કરવામાં આવે છે. આજે ભારત વિશ્વભરમાં તેજીથી બઢતી અર્થવ્યવસ્થા થઈ રહી છે. આ અર્થવવસ્થાની ગતિને કૃષિ છેત્રે ટકાવી રાખવામાં પ્રિસિઝન ફાર્મિંગની ખુબજ જરુરીયાત છે. આજે કૃષિ ક્ષેત્રે વિકાસ માટે સારું ઉત્પાદન સાથે સમયસર ટકાવી રાખવામાં પ્રિસિઝન ફાર્મિંગનો ખુબજ મત્ત્વપુણ યોગદાન આપી શકે છે. જેમાં આવનાર સમયમાં બદલાવ વાતાવરણ અને જળવાયું પરિવર્તનમાં ડ્રોન જેવી તકનીકનો ઉપયોગથી કૃષિમાં આગામી હરિયાળી ક્રાંતિને પ્રહોત્સાહન આપવામાં મદદ કરશે.

ટેકનોલોજી ખેડૂતોને પાક ઉત્પાદન અને સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ કરી શકે છે. પ્રિસિઝન ફાર્મિંગ પણ નવા યુગની ખેતી માટે એક એવી જ પધ્ધતિ છે. ખેડૂતોના ઉત્પાદન અને આવક વધારવા માટે નવી પ્રકારની ખેતી ખૂબ જ અસરકારક સાબિત થઈ રહી છે. આને પ્રિસિઝન ફાર્મિંગ (Precision farming) કહેવાય છે. આજે અમે તમને આ ખેતી વિશે ઘણી મહત્વપૂર્ણ બાબતો જણાવવા જઈ રહ્યા છીએ. આનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવામાં પણ મદદ મળી રહી છે.

**પ્રિસિઝન ફાર્મિંગ શું છે?**

સૌ પ્રથમ, ચાલો જાણીએ કે પ્રિસિઝન ફાર્મિંગ શું છે. આ પછી જાણીશું કે આ નવા જમાનાની ખેતીમાં શું કરવાનું છે અને પડકારો શું છે. પ્રિસિઝન ફાર્મિંગ એ એક પ્રકારની ખેતી મેનેજમેન્ટ સિસ્ટમ છે, જેમાં ખેતીના દરેક સ્તરે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. બિયારણ, ખાતર અને ખેતીની જમીન વિશે યોગ્ય સમજ અને તે મુજબ જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ ખેત પધ્ધતિમાં ટેક્નોલોજીની મદદથી ખેડૂતો ખેતી અંગે યોગ્ય નિર્ણયો લઈ શકે છે, તેમને નસીબના સહારે બેસવું નથી પડતું.

પ્રિસિઝન ફાર્મિંગના મુખ્ય ઉદેશ્ય શું છે

● ઉચ્ચ ગુણવતા અને સારું ઉત્પાદન મેળવું
● જમીનની ફળદ્રુપતા જાળવી રાખવી

ડો. રિશી કે કાલરીયા,
અસ્પી શકીલમ બાયોટેનોલોજી
ઇન્સ્ટિટ્યૂટ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

● ખેતીમાં ઉપયોગ વિભિન્ન પરિબળોનું સુનિશ્ચિત વ્યવસ્થાપન
● જરૂરિયાત મુજબ રાસાણિક ખાતર, દવાનો ઉપયોગ
● વાવેતર વિસ્તારમાં સંપૂણ માહિતી જીપીએસ સાથે જોડવા માટે દા. ત. જમીન માપણી
● શ્રમ અને સામ્રગી ખર્ચમાં ખટાડો થાય છે

પ્રિસિઝન ફાર્મિંગ માં ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી :

● ગ્લોબલ પોઝિશન સિસ્ટમ (ક્રમશઃ)


# ભારત-મ્યાનમાર સરહદી વેપાર ૨૦ જુલાઈથી ફરી શરૂ થશે




નવી દિલ્હી,તા.૧૨

ભારત અને મ્યાનમાર વચ્ચેના સરહદી સંબંધોને લઈને મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. છેલ્લા છ વર્ષથી વધુ સમયથી બંધ રહેલો પેંગસાઉ પાસ સરહદી વેપાર હવે ૨૦ જુલાઈથી ફરી શરૂ થવા જઈ રહ્યો છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન ૩ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ આ વેપાર બંધ કરવામાં આવ્યો હતો, જેના કારણે સરહદી વિસ્તારોમાં રહેતા અનેક નાના વેપારીઓ અને પરિવારોની આજીવિકા પર અસર પડી હતી. અરૂણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં ૯ જુલાઈએ ભારતીય અને મ્યાનમારના વેપારી પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠકમાં વેપાર ફરી શરૂ કરવાની પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. ફ્રી મૂવમેન્ટ રિજીમ હેઠળ સરહદની બંને બાજુ ૧૦ કિલોમીટરના વિસ્તારમાં રહેતા લોકોને સ્થાનિક સ્તરે વેપાર અને લેણદેણ કરવાની મંજૂરી મળશે. સ્થાનિક વેપારી આગેવાનોનું માનવું છે કે વેપાર શરૂ થતાં રોજગારની નવી તકો ઉભી થશે અને નાના વેપારીઓને સીધો લાભ મળશે. બોર્ડર હાટ દર મહીનાની ૧૦, ૨૦ અને ૩૦ તારીખે યોજાશે, જેનાથી સ્થાનિક બજારોમાં વેપાર પ્રવૃત્તિઓમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ભારતે જૂનમાં રશિયા પાસેથી રેકોર્ડ ૪.૫ અબજ યુરોનું ક્રૂડ ઓઈલ ખરીદ્યું




નવી દિલ્હી, તા. ૧૨

ભારતે જૂન ૨૦૨૬ દરમિયાન રશિયા પાસેથી રેકોર્ડ ૪.૫ અબજ યુરોનું ક્રૂડ ઓઈલ આયાત કર્યું છે, જે મે મહિનાની સરખામણીમાં ૩૪ ટકાનો વધારો દર્શાવે છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA)ના અહેવાલ મુજબ, ભારતની કુલ ૫.૫ અબજ યુરોની રશિયન અશ્મિભૂત ઈંધણ આયાતમાં ક્રૂડ ઓઈલનો હિસ્સો ૮૩ ટકા રહ્યો હતો. આ સાથે ભારત, ચીન પછી રશિયન હાઈડ્રોકાર્બનનો બીજો સૌથી મોટો ખરીદદાર બન્યું છે. અહેવાલ અનુસાર, ભારતીય રિફાઈનરીઓમાં રશિયન તેલની સપ્લાયમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો.

રિલાયન્સની જામનગર રિફાઈનરીમાં ૧૫૦ ટકા, ઈન્ડિયન ઓઈલની પારાદીપ રિફાઈનરીમાં ૧૨૬ ટકા, ભારત પેટ્રોલિયમની કોચી રિફાઈનરીમાં ૮૩ ટકા અને નાયરા એનર્જીની વાડીનાર રિફાઈનરીમાં ૪૫ ટકાનો વધારો થયો હતો. ભારતીય ખરીદી વધવાથી રશિયાના ક્રૂડ ઓઈલ નિકાસ વોલ્યુમમાં ૧૪ ટકાનો વધારો થયો, પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ નરમ રહેતા તેની દૈનિક નિકાસ આવક ૮ ટકા ઘટીને ૩૪૮ મિલિયન યુરો રહી હતી.

# વેરવાળમાં SMC ટીમ પર હુમલા કેસમાં ૨૧ આરોપીના ૭ દિવસના રિમાન્ડ મંજૂર

વેરાવળ,તા.૧૨

વેરાવળના કોલીવાળા વિસ્તારમાં જુગાર ક્લબ પર દરોડો પાડવા ગયેલી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમ પર થયેલા હુમલા મામલે પોલીસએ કાર્યવાહી વધુ તેજ બનાવી છે. ૮ જુલાઈના રોજ બનેલી આ ઘટનામાં ઝડપાયેલા ૨૧ આરોપીઓને વેરાવળ કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ ૭ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે રિમાન્ડ દરમિયાન હુમલાનું સમગ્ર કાવતરું, તેમાં સામેલ અન્ય શખ્સો તેમજ જુગારના નેટવર્ક અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરાશે. બીજી તરફ જુનાગઢ રેન્જના DIGP રાજેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ DYSPની અધ્યક્ષતામાં SITની રચના કરવામાં આવી છે. કેસમાં ફરજમાં બેદરકારીના આક્ષેપોને પગલે બે PI અને ત્રણ PSIને લીવ રિઝર્વ પર મુકવામાં આવતા પોલીસ વિભાગમાં ચર્ચા જાગી છે.

# ગીર પૂર્વમાં વન વિસ્તારમાં ગેરકાયદે પ્રવેશ કરનારા આઠ ઝડપાયા



ઉના,તા.૧૨

ગીર (પૂર્વ) વન વિભાગે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોના આધારે મોટી કાર્યવાહી હાથ ધરી છે. વીડિયોમાં કેટલાક લોકો સિંહને પજવણી કરતા તેમજ પ્રતિબંધિત વન વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરતા જોવા મળતા હતા. આ મામલાને ગંભીરતાથી લઈ વન વિભાગે છેલ્લા ૧૫થી ૨૦ દિવસથી સઘન તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન હ્યુમન અને ટેકનિકલ ઈન્ટેલિજન્સની મદદથી સંડોવાયેલા લોકો સુધી પહોંચવામાં સફળતા મળી હતી. વન વિભાગના જણાવ્યા મુજબ વેરાવળ અને પ્રભાસ પાટણ વિસ્તારના કુલ ૮ શખ્સોની અટકાયત કરવામાં આવી છે. આ કાર્યવાહી ગીર (પૂર્વ) વન વિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ અને મદદનીશ વન સંરક્ષક કપિલ ભાટિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જસાધાર રેન્જના આર.એફ.ઓ. કે.સી. ચૌહાણ સહિત અધિકારીઓ અને કર્મચારીઓએ તપાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# 'સતલુજ' ફિલ્મના જાહેર સ્ક્રીનિંગ સામે હાઈકોર્ટમાં અરજી, કાર્યવાહી કરવાની માંગ

મુંબઈ, તા. ૧૨

દિલજીત દોસાંજ અભિનીત ફિલ્મ 'સતલુજ' ફરી વિવાદમાં આવી છે. ફિલ્મને ઝી પ્લેટફોર્મ પરથી હટાવ્યા બાદ પંજાબ અને અન્ય સ્થળોએ તેના જાહેર સ્ક્રીનિંગ યોજાતા હોવાના મુદ્દે વકીલ વિનીત જિંદાલે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં ફિલ્મના જાહેર પ્રદર્શનનું આયોજન કરનાર વ્યક્તિઓ, ધાર્મિક સંગઠનો અને રાજકીય પક્ષો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. વકીલનો આરોપ છે કે આવા સ્ક્રીનિંગથી સામાજિક તણાવ અને નફરત ફેલાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જે કાયદો-વ્યવસ્થા અને સાંપ્રદાયિક સૌહાર્દ માટે જોખમરૂપ બની શકે છે. 'સતલુજ' ૩ જુલાઈએ ઝી પર રિલીઝ થઈ હતી, પરંતુ ૫ જુલાઈએ તેને પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી હતી. આ ફિલ્મ માનવાધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલરાના જીવન પર આધારિત છે.

# જામનગર નજીક લાખાબાવળ ખાતે વેદ ગર્ભવિહારનું રાજયપાલના હસ્તે લોકાર્પણ



જામનગર,તા.૧૨

જામનગર નજીક આવેલા લાખાબાવળ ગામે વેદ ગર્ભવિહારનું લોકાર્પણ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે સંસ્થામાં કાર્યરત થનારી ગૌશાળા, કન્સલ્ટેશન રૂમ, પંચકર્મ રૂમ, માઈનર ઓપરેશન થિયેટર તેમજ સંસ્કાર શાળાની મુલાકાત લઈને ત્યાં ઉપલબ્ધ સુવિધાઓ અને સેવાઓ અંગે માહિતી મેળવી હતી. રાજ્યપાલે સંસ્થાના સંચાલકો સાથે સંવાદ કરી સંસ્થાની કાર્યપધ્ધતિ અને સમાજમાં તેની ભૂમિકા વિશે જાણકારી મેળવી હતી. સંસ્થાના આયુર્વેદ અને સંસ્કાર આધારિત કાર્યો અંગે રાજ્યપાલે રસપૂર્વક વિગતો જાણી હતી. આ કાર્યક્રમમાં રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી રીવાબા જાડેજા, જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યા, જામનગર મહાનગર પાલિકાના કમિશનર દીપેશ કેડિયા, જિલ્લા વિકાસ અધિકારી નિશા, ગૌ વિશ્વ વિદ્યાપીઠના કુલપતિ ડો. હિતેશ જાની, આયુર્વેદ વિભાગના વૈદ્યો, અધિકારીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જમીન વળતર વિવાદ મામલે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો



અમદાવાદ, તા.૧૨

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટને જમીન સંપાદનના વળતરને લઈને નવો પડકાર સામે આવ્યો છે. પ્રોજેક્ટના મુખ્ય પ્રબંધકે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે કે LARRA દ્વારા વધારવામાં આવેલું વળતર ચૂકવવામાં આવે તો પ્રોજેક્ટ પર આશરે ૪૦ હજાર કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ આવી શકે છે. રાજ્યના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટમાં રજૂઆત કરતા જણાવ્યું હતું કે વધારાના વળતરના આદેશોના કારણે પ્રોજેક્ટની કુલ કિંમતમાં મોટો વધારો થશે અને પ્રોજેક્ટની ગતિ પર અસર પડી શકે છે. હાઈકોર્ટે સુરત અને ભરૂચ જિલ્લાના ત્રણ કેસોમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટની અરજી સ્વીકારી છે. હવે આગામી સુનાવણી ૫ ઓગસ્ટના રોજ હાથ ધરાશે. કોર્ટે પ્રોજેક્ટ સત્તાધીશોને વળતરની રકમમાંથી કેટલો ભાગ જમા કરાવવા તૈયાર છે તે અંગે પણ સ્પષ્ટતા કરવા જણાવ્યું છે. અગાઉ ૫૦ રૂપિયા પ્રતિ ચોરસ મીટર મુજબ નક્કી કરાયેલું વળતર LARRA દ્વારા વધારી ૬૬૦ રૂપિયા પ્રતિ ચો.મી. કરવામાં આવતા વળતરની રકમમાં મોટો વધારો થયો છે.

# સોરઠ મહિલા વિકાસ સહકારી મંડળીની ૧૫મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ


તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર,તા.૧૨

કોડીનારમાં અંબુજા ફાઉન્ડેશન પ્રેરિત સોરઠ મહિલા વિકાસ સહકારી મંડળીની ૧૫મી વાર્ષિક સાધારણ સભા કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. ૧,૭૦૦થી વધુ મહિલાઓની હાજરીમાં સંસ્થાની પ્રગતિ અને ભાવી આયોજનોની ચર્ચા થઈ હતી. વર્ષ ૨૦૧૨થી કાર્યરત આ મંડળી ૧૪૦ ગામોની આશરે ૧૭ હજાર મહિલાઓને સંગઠિત કરી શિક્ષણ, આરોગ્ય, પશુપાલન અને સ્વરોજગાર માટે સરળ ધિરાણ પૂરું પાડે છે. મંડળી દ્વારા સિલાઈ, બ્યુટી પાર્લર જેવી આવકવર્ધક પ્રવૃત્તિઓ તેમજ સેનેટરી પેડ તાલીમ, વ્યસનમુક્તિ અને શૌચાલય નિર્માણ જેવા સામાજિક કાર્યો થાય છે. આ પ્રસંગે મહિલાઓ માટે ઈ-રિક્ષા સેવાનું લોકાર્પણ કરાયું હતું. કાર્યક્રમમાં દિનુભાઈ સોલંકી અને મોતીબેન ચાવડા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ બાર એસો. એ લોક અદાલતનો બહિષ્કાર કર્યો



કોડીનાર,તા.૧૨

વેરાવળ બાર એસોસિએશને નેશનલ લોક અદાલતનો બહિષ્કાર કર્યો છે. વકીલોએ દારૂ, જુગાર અને અન્ય કેસોમાં નિયમ વિરુધ્ધ કબૂલાત નોંધવામાં આવતી હોવાના આક્ષેપ સાથે કાર્યવાહીથી દૂર રહ્યા હતા. બાર એસોસિએશનના પ્રમુખ એડવોકેટ સૂર્યકાન્ત સવાણીએ જણાવ્યું કે, ૮ જુલાઈએ યોજાયેલી જનરલ મીટિંગમાં સર્વાનુમતે બહિષ્કારનો ઠરાવ પસાર કરાયો હતો. આ નિર્ણય મુજબ, બાર એસોસિએશનનો કોઈ પણ સભ્ય લોક અદાલતમાં હાજર રહેશે નહીં કે વકીલાતનામું રજૂ કરશે નહીં.

# ધોરાજી ખોડલધામ સમિતિ દ્વારા યોજાયેલા મેગા રક્તદાન કેમ્પમાં ૧૨૫થી વધુ લોકોનું રક્તદાન



ધોરાજી, તા.૧૨

લેઉવા પટેલ સમાજના મોભી નરેશભાઈ પટેલના જન્મદિન પ્રસંગે ધોરાજી ખોડલધામ સમિતિ દ્વારા લેવા પટેલ સાંસ્કૃતિક ભુવન ખાતે મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૨૫થી વધુ ભાઈ-બહેનોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. રક્તદાનની સાથે-સાથે તમામ નગરજનો માટે ડાયાબિટીસ અને હિમોગ્લોબિન ચેકઅપ કેમ્પ પણ યોજાયો હતો, જેમાં જરૂરિયાતમંદોને હિમોગ્લોબિનની દવાઓનું નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કાર્યમાં ધોરાજી શહેરની વિવિધ સંસ્થાઓના આગેવાનો અને કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ સમગ્ર કેમ્પને સફળ બનાવ્યો હતો.


**જી.અમરેલી, તા. લાઠીના મોજે ગામ લુવારીયાનાં ખેડ ખાતા નં.૭૫૦નાં રે.સ.નં.૧૩૪ વાળી મીલ્કત ખેતીની જમીનના વેચાણ બાબતની જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ અમારા અસીલ ની ફરમાઈસ અને સુચનાથી લાગતા વળગતા અને હિત સબંધ ધરાવનારાઓ તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ અમરેલી, તા. લાઠી, મોજે ગામ લુવારીયાના ખેડ ખાતા નં. ૭૫૦નાં રે.સ.નં. ૧૩૪(જુનો રે.સ.નં. ૧૮૦ પૈકી ૨)નાં કુલ હે.આરે. ૧-૧૧-૨૬ ચો.મી. જેનો આકાર રૂા.૯-૨૫ પૈસા વાળી ખેતીલાયક જુની શરતની ખેતીની જમીન (૧) સિધ્ધપરા નાનજીભાઈ મોહનભાઈ(૨) સિધ્ધપરા લીલાબેન નાનજીભાઈ (૩) સિધ્ધપરા શિશિર નાનજીભાઈ (૪) સિધ્ધપરા ઝખના નાનજીભાઈની સંયુક્ત માલીકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી અને તમામ પ્રકારના હક્ક અને અધિકારો હોવાનું જણાવતા ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીન અમારા અસીલ એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે. ટુંક સમયમાં અમારા અસીલ સદરહું મિલ્કતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેના સંયુક્ત અને સંપૂર્ણ માલીક તરીકે સદરહું મીલ્કત ખેતી લાયક જમીન સબંધે, ટાઈટલ સબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સબંધે કોઈ ખાનગી વ્યકિત કે પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે સંસ્થા કે એસઆઈનીઓ, વારસદારો, સરકારી-અર્ધ સરકારી કચેરી,શ્રોફ, ટ્રસ્ટ વિગેરનો કોઈપણનો કોઈપણ જાતનો લાગ-ભાગ, દર-દાવો કે હકક, હિત કે હિસ્સો, ભરણ પોષણનો હકક, વારસાઈ હક્ક હોય તો તેમણે નોટસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ (દસ) માં અમારી ઓફીસે રૂબરૂ લેખીતમાં આધાર પુરાવા સાથે હાજર થઈ જાણ કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈ વાંધા તકરાર નહી આવે તો કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી જમીનનો સ્થળ ઉપર માપણી કરી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. તેમજ ત્યાર બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધીના ખરીદકર્તા તરીકે બંધનકર્તા રહેશે નહિ. તેમજ સદરહું મિલ્કતનો (ખેડવાણ ખેતીની જમીનનો) વેચાણ દસ્તાવેજ કરાવી લેશે જેની સર્વે લાગતા-વળગતાઓએ સ્પષ્ટ પણે નોંધ લેવી.

સ્થળ: લાઠી
તારીખ: ૧૨/૦૭/૨૦૨૬

ઓફીસઃ—શ્રી વર્ધમાન ચેમ્બર્સ, મેઈન બઝાર,
જુની શાકમાર્કેટ સામે, ભોળીયા હનુમાનજી
મંદિરની બાજુમાં, મુ.લાઠી, તા. લાઠી,
જી. અમરેલી—૩૬૫૪૩૦

અમારા અસીલની ફરમાઈશ અને સુચનાથી
અમારી મારફત
ચંદ્રેશ પી. તુરખીયા
(તે ખરીદનારના એડવોકેટ)


# ચાંદીપુરા વાયરસને લઈ કચ્છમાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વેની કામગીરી શરૂ

કચ્છ,તા.૧૨

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના વધતા જોખમ વચ્ચે કચ્છનું આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. હિંમતનગરમાં બાળકોના મોતના પગલે અંજાર, ગાંધીધામ, મુન્દ્રા અને અગાઉ કેસ નોંધાયેલા દેવપર (યક્ષ) જેવા વિસ્તારોમાં સઘન સર્વેલન્સ શરૂ કરાયું છે. હાલ જિલ્લામાં એકપણ સક્રિય કેસ નથી, છતાં તંત્ર દ્વારા તાવ કે બેચેની જેવા લક્ષણો ધરાવતા બાળકોને તુરંત હોસ્પિટલ ખસેડવા સૂચના અપાઈ છે.

# સુરત પૂરની તારાજી: વાહનો પાણીમાં ગરકાવ થતાં ગેરેજોમાં ભારે વેઈટિંગ



સુરત,તા.૧૨

સુરતમાં તાજેતરમાં આવેલા ખાડીપૂરે ભારે તબાહી મચાવી છે, જેમાં ૩૦૦૦થી વધુ કાર અને બાઈક પાણીમાં ડૂબી ગયા છે. અચાનક પૂર આવવાના કારણે લોકોને પોતાના વાહનો બચાવવાની તક જ ન મળી. લાંબા સમય સુધી પાણીમાં રહેવાને કારણે વાહનોના એન્જિન, ગિયર બોક્સ અને એર ફિલ્ટરમાં પાણી ભરાઈ ગયું છે. આધુનિક ગાડીઓમાં સેન્સર્સ અને ઈલેક્ટ્રોનિક પાટ્ર્સમાં શોર્ટ સર્કિટ થવાથી વાયરિંગ બળી ગયું છે અને એન્જિન સીઝ થઈ ગયા છે. આ ગંભીર ટેકનિકલ ખામીઓના કારણે વાહનમાલિકોને લાખો રૂપિયાનું મોટું નુકસાન વેઠવું પડી રહ્યું છે.હાલ સુરતના તમામ ગેરેજો અને ઓથોરાઈઝ્ડ સર્વિસ સેન્ટરો વાહનોથી ઉભરાઈ રહ્યા છે, જેના કારણે ત્યાં એક-એક મહિનાનું લાંબુ વેઈટિંગ ચાલી રહ્યું છે. ખાસ કરીને હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક કારોનું રિપેરિંગ કામ વધુ મુશ્કેલ બન્યું છે, કારણ કે લક્ઝુરિયસ ગાડીઓના સ્પેરપાટ્ર્સ તાત્કાલિક ઉપલબ્ધ ન હોવાથી બહારથી મંગાવવા પડે છે. વરાછા જેવા વિસ્તારોમાં રત્નકલાકારોની ગાડીઓ પણ ભંગાર જેવી થઈ ગઈ છે. પૂરના તોતિંગ ખર્ચના કારણે સુરતવાસીઓ હાલ માનસિક અને આર્થિક રીતે ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૧૨



અમદાવાદના સાયન્સ સિટી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે સામૂહિક વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મેયર હિતેશ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ સંરક્ષણ અને જળસંચય માટે સરકારે 'કેચ ધ રેઈન' થીમ અપનાવી છે. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ૧ કરોડ વૃક્ષો વાવવાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક છે.

મેયર હિતેશ બારોટે અમિત શાહનું સ્વાગત કરતા જણાવ્યું કે, આ અભિયાન અંતર્ગત ૪૦૩ જગ્યાઓ પર વૃક્ષારોપણ થશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ ૩૫ જગ્યાઓ પર આયોજન કરી રહ્યું છે. આ સાથે રૂ. ૪૦૫ કરોડથી વધુના વિકાસ કાર્યોનું લોકાર્પણ પણ કરવામાં આવશે. આ મહાઅભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય હરિયાળી વધારવી, વરસાદી પાણીનું સંવર્ધન કરવું અને આવનારી પેઢીને સ્વચ્છ વાતાવરણ આપવાનો છે.

# ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો : નિવૃત્તિ બાદ સરકારી ક્વાર્ટર પર કર્મચારીનો કોઈ હક્ક નહીં

અમદાવાદા,તા.૧૨



ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે નિવૃત્તિ બાદ સરકારી કર્મચારીઓનો સરકારી આવાસ પર કોઈ કાનૂની હક્ક રહેતો નથી.

સેવા નિવૃત્તિની સાથે જ ક્વાર્ટરની ફાળવણી આપમેળે સમાપ્ત થઈ જાય છે. કોર્ટે અવલોકન કર્યું કે સરકારી આવાસો જાહેર સંપત્તિ છે અને નિવૃત્તિ પછી અનધિકૃત કબજો જાળવી રાખવો ગેરકાયદેસર છે, જેના કારણે ચાલુ ફરજવાળા હકદાર કર્મચારીઓ આ સુવિધાથી વંચિત રહે છે. અદાલતે વધુમાં જણાવ્યું કે નિવૃત્ત કર્મચારીને ક્વાર્ટર ખરીદવાનો કે કાયમી રાખવાનો કોઈ અધિકાર નથી. આ મામલે કર્મચારી એસોસિયેશન દ્વારા કરાયેલી અરજીને હાઈકોર્ટે પાયાવિહોણી ગણાવી ફગાવી દીધી છે અને એસોસિયેશન પર રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. આ ચુકાદાથી સ્પષ્ટ સંદેશ મળ્યો છે કે જાહેર હિત અને નિયમો વિરુધ્ધ સરકારી મિલકત પર કબજો રાખવાની મંજૂરી આપી શકાય નહીં.

# રૂ.૧ કરોડના ચરસ કેસમાં આરોપીને ૨૦ વર્ષની જેલની સજા ફટકારતી પાલનપુર કોર્ટ

પાલનપુર,તા.૧૨



પાલનપુરની સ્પેશિયલ એન.ડી.પી.એસ. અદાલતે રૂ.૧.૦૧ કરોડની કિંમતના ૧૬.૫૭૫ કિલો ચરસની હેરાફેરીના કેસમાં આરોપી સમિર અહેમદ શેખ નાગોરીને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૨ લાખના દંડની કડક સજા ફટકારી છે. તે સમયે પીએસઆઈ એમ.કે.ઝાલાએ કરેલી કડક તપાસ અને એટીએસની સતર્કતાથી આ નેટવર્ક પકડાયું હતું. કોર્ટે નોંધ્યું કે માદક પદાર્થોની હેરાફેરી યુવા પેઢી માટે ગંભીર ખતરો છે. અન્ય સંડોવાયેલા આરોપીઓ સામેની કાયદેસરની કાર્યવાહી અલગથી ચાલુ રહેશે.

# કીર્તિ પટેલ સામે વધુ એક ગુનો નોંધાયો, સુરતમાં પોલીસ સ્ટેશન બહાર પડકાર ફેંકતો વીડિયો વાયરલ

સુરત,તા.૧૨



સોશિયલ મીડિયા પર સતત ચર્ચામાં રહેતી કીર્તિ પટેલ ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે. સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં કીર્તિ પટેલ અને ભાવનગરની સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ભાવનગરના બોરડા ગામના સરપંચના પતિ અને વેપારી રાજુ ભમ્મરે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં સોશિયલ મીડિયા મારફતે પરિવારની બદનક્ષી કરવા તેમજ ધમકી આપ્યાના આક્ષેપ કરવામાં આવ્યા છે.આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો પણ ઝડપથી વાયરલ થયો છે. વીડિયોમાં કીર્તિ પટેલ પુણા પોલીસ સ્ટેશન બહાર આક્રમક અંદાજમાં જોવા મળે છે. તેણે જાહેરમાં બૂમો પાડી પોતાના સામે નોંધાયેલા કેસોને ખોટા ગણાવ્યા હતા. સાથે જ ફરિયાદી રાજુને ખુલ્લો પડકાર આપતા જણાવ્યું હતું કે જો કોઈ ફરિયાદ કરવી હોય તો તે પોલીસ સ્ટેશન બહાર જ હાજર છે અને સામે આવીને વાત કરે. કીર્તિએ પોતાના વિરુધ્ધ કરવામાં આવેલા આક્ષેપોને નકારી કાઢ્યા હતા અને બદનક્ષીનો સામો દાવો કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. હાલ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

# કલોલ પંથકમાં બ્લેકમેઈલ કરતા યુવાનની દંપતીએ કરી હત્યા


કલોલ,તા.૧૨



ગાંધીનગર જિલ્લાના કલોલના એક ગામમાં એક ૨૦ વર્ષના કોલેજિયનની દુપટ્ટા અને કેબલથી ગળું દબાવીને હત્યા કરવામાં આવી છે. હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના આશયથી યુવકની લાશને સફેદ કલરના કોથળામાં ભરી આરોપી દંપતી પોતાના ઘરને તાળું મારીને ફરાર થઈ ગયું હતું. આ મામલે કલોલ તાલુકા પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. હાલમાં દંપતિની ધરપકડ કરી લેવામાં આવી છે. આ અંગે સૂત્રોએ કહ્યું કે, યુવકની હત્યા આરોપી મહિલાના ન્હાતો વીડિયો ઉતારી બ્લેકમેઈલ કરીને શારીરિક સંબંધો બાંધતો હોવાથી કરવામાં આવી છે.

# સુરતમાં પૂરગ્રસ્તોની સહાય માટે કલેક્ટરે સર્વે માટે વધુ ૬૫ ટીમો મેદાનમાં ઉતારી

સુરત,તા.૧૨



સુરત શહેરમાં ભારે વરસાદ અને ખાડીપૂરના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં થયેલા નુકસાનનો ઝડપી સર્વે કરવા માટે કલેક્ટર તેજસ પરમારે મહત્વનો નિર્ણય લીધો છે. પૂરગ્રસ્તોને કેશડોલ્સ અને ઘરવખરી સહિતની રાહત સહાય સમયસર મળી રહે તે માટે સર્વેની કામગીરી વધુ વેગવંતી બનાવવામાં આવી છે.

આ માટે રાજ્ય વેરા વિભાગના ૧૩ અધિકારીઓ અને સ્ટાફને સાંકળીને કુલ ૬૫ નવી ટીમો બનાવવામાં આવી છે, જેમાં ૩૩૮ અધિકારી-કર્મચારીઓ સામેલ છે. આ ટીમોને સૌથી વધુ અસરગ્રસ્ત ઉધના અને મજુરા વિસ્તારમાં તાત્કાલિક સર્વે શરૂ કરવાના આદેશ અપાયા છે. અગાઉથી જ ૨૫૦ કર્મચારીઓની ૫૦થી વધુ ટીમો પૂરજોશમાં કામ કરી રહી છે. હવે નવી ૬૫ ટીમો ઉમેરાતા કુલ ૧૧૫થી વધુ ટીમો કાર્યરત થશે, જેનાથી રાહત સહાય વિતરણની પ્રક્રિયા વધુ ઝડપી અને અસરકારક બનશે.

# માંગરોળની મહાવીર મચ્છીમાર સહકારી મંડળીને મળ્યું રાષ્ટ્રીય ગૌરવ

માંગરોળ,તા.૧૨



જૂનાગઢ જિલ્લાના માંગરોળની મહાવીર મચ્છીમાર સહકારી મંડળીને ભારત સરકારના મત્સ્ય પાલન વિભાગ તરફથી મહત્વપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે. ઓડિશાના ભુવનેશ્વર ખાતે ૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં દેશના વિવિધ તટીય રાજ્યોમાંથી પસંદ કરાયેલી સહકારી મંડળીઓને લેટર ઓફ ઓથોરાઈઝેશન (LOA) એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દેશના ઉપરાષ્ટ્રપતિના હસ્તે પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંડળીના પ્રમુખ દામોદર ચામુડિયાએ જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા દરેક તટીય રાજ્યમાંથી એક બોટ માલિક અને સહકારી મંડળીના સભ્યની પસંદગી કરવામાં આવી હતી. ગુજરાત તરફથી પ્રતિનિધિત્વ કરવાની તક મળવી ગૌરવની બાબત છે. તેમણે જણાવ્યું હતું કે LOA મળવાથી હવે ભાર તીય માછીમારો ૨૦૦ નોટિકલ માઈલથી દૂર આવેલા આંતરરાષ્ટ્રીય દરિયાઈ વિસ્તારમાં કાયદેસર રીતે માછીમારી કરી શકશે, જે માછીમારોના વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# અમદાવાદના ઘાટલોડિયામાં પીસીબીએ સોસાયટી પાર્કિંગમાંથી રૂ.૫.૫૧ લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો

**ચાર આરોપીની ધરપકડ જ્યારે ત્રણ આરોપી ફરાર**

અમદાવાદ,તા.૧૨



અમદાવાદ પીસીબીએ ઘાટલોડિયાની ભાગ્યોદય સોસાયટીના પાર્કિંગમાં દરોડો પાડી રૂ.૫.૫૧ લાખની કિંમતનો ૧૦૪૬ બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કાર, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ.૯.૬૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. સ્થળ પરથી ચાર આરોપીઓની ધરપકડ કરાઈ છે, જ્યારે ત્રણ ફરાર થઈ ગયા છે. આ ઉપરાંત પીસીબીએ ચાંદલોડિયા વિસ્તારમાંથી પણ રૂ.૪.૬૩ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો હતો.

# કેશોદ હાઈવે પર વ્હીલમાં સાડી ફસાતાં મહિલાનું મોત

કેશોદ,તા.૧૨



જેતપુર-સોમનાથ હાઈવે પર પીપળી ધાર નજીક બાઈકના પાછળના વ્હીલમાં સાડી ફસાઈ જતાં સર્જાયેલા અકસ્માતમાં એક મહિલાનું મોત નીપજ્યું છે. તાલાળાના યોગેશભાઈ પરમાર પત્ની રસીલાબેન સાથે બાઈક પર જઈ રહ્યા હતા, ત્યારે ભારે પવનના કારણે સાડી વ્હીલમાં વીંટળાતા રસીલાબેન રોડ પર પટકાયા હતા. માથામાં ગંભીર ઈજા થતાં કેશોદની સિવિલ હોસ્પિટલમાં તેમને મૃત જાહેર કરાયા હતા. પોલીસે આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


# ગુજરાત ભાજપ મહીલા મોરચાની ટીમની જાહેરાત કરવામાં આવી

અમદાવાદ,તા.૧૨

ગુજરાત ભાજપ દ્વારા સંગઠનને મજબૂત કરવા મહિલા મોરચાની નવી પ્રદેશ ટીમ અને કારોબારીની જાહેરાત કરાઈ છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને મોવડી મંડળ સાથે ચર્ચા બાદ મોરચાના અધ્યક્ષા અંજુબેન વેકરીયાએ આ યાદી જાહેર કરી છે. નવી ટીમમાં ભૌગોલિક અને જ્ઞાતિગત સમીકરણોનું ખાસ ધ્યાન રખાયું છે. જેમાં ૮ પ્રદેશ ઉપાધ્યક્ષ, ૩ મહામંત્રી, ૯ મંત્રી, તેમજ કોષાધ્યક્ષ અને કાર્યાલય મંત્રીની નિમણૂક કરાઈ છે. આ ઉપરાંત પક્ષના પાયાના સક્રિય કાર્યકરોને સ્થાન આપતી ૨૫ સભ્યોની પ્રદેશ કારોબારી પણ જાહેર કરવામાં આવી છે. અંજુબેને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ નવી ટીમ સરકારની મહિલાલક્ષી યોજનાઓને જન-જન સુધી પહોંચાડવામાં અને સંગઠનને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

# મહેસાણામાં એન્ટિક સિક્કાના બહાને વેપારીને હનીટ્રેપમાં ફસાવી રૂ. ૪.૩૫ લાખની લૂંટ

મહેસાણા,તા.૧૨




મહેસાણામાં એન્ટિક સિક્કાની લે-વેચના બહાને એક વેપારીને એપાર્ટમેન્ટમાં બોલાવી પાંચ શખ્સોએ હનીટ્રેપનો શિકાર બનાવ્યો હતો. આરોપીઓમાં બે મહિલા અને ત્રણ પુરુષો સામેલ હતા. તેઓએ વેપારીને ફસાવીને તેના બિભત્સ ફોટા પાડી લીધા હતા. આ ફોટા સોશિયલ મીડિયા અને પરિવારમાં વાયરલ કરવાની ધમકી આપી આરોપીઓએ વેપારી પાસેથી રોકડ અને મોબાઈલ સહિત રૂ. ૪.૩૫ લાખની લૂંટ ચલાવી હતી. પીડિત વેપારીની ફરિયાદના આધારે મહેસાણા એ ડિવિઝન પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ અને ધરપકડની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં લૂંટના ઈરાદે નીકળેલી ગેંગે બે મહિલાઓ પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

મોરબી,તા.૧૨



મોરબીના જેતપર અને ચકમપર ગામની સીમમાં ગત ૪ જૂનની રાત્રે પાંચ શખ્સોની ગેંગ ચોરી અને લૂંટના ઈરાદે બે જુદી-જુદી વાડીઓમાં ઘૂસી ગઈ હતી. વાડીમાં હાજર દંપતીઓને છરી અને ધોકા જેવા હથિયારો બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લૂંટમાં કોઈ રોકડ કે દાગીના ન મળતા, આ શખ્સોએ હવસનો શિકાર બનાવ્યો હતો. જેતપર ગામે એક શખ્સે અને ચકમપર ગામે ત્રણ શખ્સોએ મહિલા પર દુષ્કર્મ આચર્યું હતું.

મોરબી તાલુકા પોલીસે આ અંગે ગુનો નોંધી અગાઉ નવઘણ વાઘેલા, દિલીપ વાજેલીયા, મુન્ના વાજેલીયા અને એક સગીરને ઝડપી લીધા હતા. તાજેતરમાં એલસીબી પોલીસે બાતમીના આધારે ધ્રોલ તરફથી બાઈક પર આવતા મુખ્ય સૂત્રધાર દિનેશ મધુભાઈ જખાનીયાને પણ ઝડપી લીધો છે. પોલીસે તેની પાસેથી બાઈક અને મોબાઈલ મળી રૂ.૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલ મુખ્ય આરોપી સામે અગાઉ પણ વાંકાનેર, ધ્રાંગધ્રા અને મોરબીમાં ચાર ગુના નોંધાયેલા છે. હાલ પોલીસ તેના રિમાન્ડ મેળવવાની તજવીજ કરી રહી છે.

